# જીવનનાં જળ

પ્રતાપ ભાઈ
કોન્ટ્રાક્ટર

6BGJ1

# જીવનનાં જળ

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

લેખક
પ્રતાપ જેઠાલાલ કોન્ટ્રાકટર
'વિશ્રામ વિલા' મિશન રોડ
નડિયાદ, જિલ્લે. ખેડા,

ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટી
સાહિત્ય સેવાસદન
એલિસબ્રિજ, અમદાવાદ–૩૮૦૦૦૬

પ્રકાશક :
ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટી
સાહિત્ય સેવા સદન
એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬

# જીવનનાં જળ

પ્રથમ આવૃત્તિ] નકલ ૧૦૦૦ [માર્ચ ૧૯૮૭

મૂલ્ય રૂ. ૩-૦૦

મુદ્રક :
કાન્તિલાલ ડી. પટેલ
મંગલ મુદ્રણાલય
ફતેહભાઈની હવેલી
રતનપોળ, અમદાવાદ-૩૮૦૦૦૧

"જે ઇરાદા હું તમારા વિષે રાખું છું, તેઓને હું જાણું છું; એવું યહોવાહ કહે છે. એ ઇરાદા ભવિષ્યમાં તમને આશા આપવા માટે વિપત્તિ લગતા નહિ, પણ શાંતિને લગતા છે.

તમે મને હાંક મારશો, ને તમે જઈને મારી પ્રાર્થના કરશો, એટલે હું તમારું સાંભળીશ તમે મને શોધશો ને તમે તમારા ખરા હૃદયથી મને ઢૂંઢશો ત્યારે હું તમને મળીશ" (યિર્મેયાહ ૨૯ : ૧૧–૧૩)

"જો...તેઓ નમી જશે ને પ્રાર્થના કરીને મારું મુખ શોધશે, ને પોતાના દુષ્ટ માર્ગોથી ફરશે; તો હું આકાશમાંથી તે સાંભળીને તેઓનાં પાપ માફ કરીશ, ને તેઓના દેશને સાજો કરીશ."
(૨ કાળવૃત્તાંત ૭ : ૧૪)

વિષયક્રમ પૃષ્ઠ

પ્રસ્તાવ ૧
ભેટ ૪
૧. માનવ અને પાપ ૫
૨. પાપની માફી ૧૫
૩. નવો જન્મ–જીવન રૂપાંતર ૨૦
૪. તારણનું મહત્ત્વ અને ગૌરવ ૩૬
૫. ખ્રિસ્તી જીવનનાં ફળ ૪૨
૬. નાનાં શિયાળવાં ૫૨
૭. ચાર અંજીરી ૫૯
૮. યોગ અને સાધના ૬૭

# જીવનનાં જળ

— પ્રસ્તાવ —

પ્રત્યેક જીવ માટે અનિવાર્ય એવાં પ્રકાશ, પવન અને પાણી એ પ્રાથમિક જરૂરિયાતનાં વાનાં છે. ઈશ્વરે એ મફત અને અઢળક આપ્યાં છે. કેમ કે પ્રકાશ વગર જીવનવિકાસ નથી; પવન વગર જીવન નથી; અને પાણી વગર જીવનનું પોષણ નથી. સમગ્ર કુદરતમાં આ ત્રણ પોષક તત્ત્વો છે. ઈશ્વરનાં એ કૃપાદાનો છે.

મનુષ્યની વિશિષ્ઠતા એ તેની આધ્યાત્મિકતા છે. આત્મિક જીવનમાં પણ તેને પ્રકાશ જોઈએ છે. ઈશ્વરના જ્ઞાનના પ્રકાશ વગર માનવી અંધકારમાં ખોવાઈ જાય છે. ઈશ્વરના પવિત્ર આત્માના પવનથી જ તેને જીવન મળે છે, તેને તાજો રાખે છે. પવિત્ર આત્માના પવનનો સ્પર્શ ન થાય ત્યાં સુધી આધ્યાત્મિક જીવન મૃતપાય છે. પાણી એ તો ઈશ્વરનાં વચન-ઈશ્વરનો શબ્દ-પ્રભુ ઈસુ ખ્રિસ્ત પોતે છે. એના વગર માનવજીવન પાંગળું-અપંગ છે.

જ્યારે માનવજાત જીવતા પાણીના ઝરા પ્રભુ પરમેશ્વરને ભૂલતી ગઈ, પોતાને સારુ ભાંગેલાં ટાંકાં જેમાં પાણી રહે કે ટકે નહિ, તેવા પોતપોતાની સૂઝ પ્રમાણે બનાવવા માંડયા. (યિર્મે. ૨:૧૩) ત્યારે ઈશ્વરને દયા આવી. ટળવળતા જગતને જીવતા પાણીનો ઝરો-ઈસુ ખ્રિસ્ત આપ્યો. (ઝખા. ૧૩:૧)

એ પ્રભુ ઈસુ ખ્રિસ્ત, તેના શિષ્યો સાથે સમરૂનમાં સુવાર્તા પ્રગટ કરતો, સૈખાર ગામ પાસે આવ્યો. બપોર થયા હતા તેથી શિષ્યો ગામમાં કંઈક ખાવાનું લેવા ગયા; પણ ઈસુ ભાગોળે યાકૂબના કૂવા પાસે છાંયમાં બેઠો, તે થાકેલો હતો. તે વેળા એક સમરૂની સ્ત્રી પાણી ભરવા આવી. પ્રભુ ઈસુએ તેની પાસે પાણી માગ્યું. બાઈ, અચંબો પામી. તેણે કહ્યું, "તું યહૂદી થઈ ને સમરૂની પાસે પાણી માગે છે. (યોહન ૪:૯) એ કેમ બને ?"

યહૂદીઓ, સમરૂનીઓને હલકા ગણતા અને કશો વ્યવહાર રાખતા નહિ...ઈસુએ તે બાઈને કહ્યું કે "જો તું જાણતી હોત, તો મારી પાસે પાણી માગત, અને હું તને જીવતું પાણી આપત"... આ બાઈએ તરત જવાબ વાળ્યો અને પોતાની સમસ્યા પ્રગટ કરી; કે "કૂવાનું પાણી બહુ જ ઊંડું છે, અને તે કાઢવાનું તારી પાસે સાધન નથી; તો પાણી ક્યાંથી મળે ?" ( યોહન ૪ : ૯–૧૧ )

પાતાળનાં પાણી બહુ ઊંડાં છે; આકાશનાં પાણી અતિશય ઊંચાં છે. માનવીની આ સમસ્યા બહુ વિકટ છે. માટે જ આકાશ નીચે ઊતર્યું અને પાતાળનાં પાણી ઉપર આવ્યાં. ઈસુ ખ્રિસ્ત એ જ જીવતા પાણીનો ઝરો બન્યો. માનવીની સમસ્યાનો ઉકેલ મળ્યો. સૈખાર ગામની સમરૂની સ્ત્રી અને આખું ગામ પ્રભુ ઈસુ પાસે આવ્યાં; અને તેનામાં પોતાનો વિશ્વાસ જાહેર કર્યો. ( યોહાન ૪ : ૩૯–૪૨ )

હવે માંડવાપર્વની ઉજવણી પૂરા જોરમાં જામી હતી. ત્યારે છેલ્લા અને મોટા દિવસે ઈસુએ યરૂશાલેમ આવીને જાહેરમાં લોકોને આવાહન આપ્યું; કે "જો કોઈ તરસ્યો હોય તો તે મારી પાસે આવીને પીએ." ( યોહાન ૭ : ૩૭–૩૯)

માનવજાત હંમેશાં જીવતા પાણીની શોધમાં રહ્યું છે. "જેમ પાણીના નાળાને સારૂ હરણ તલપે છે, તેમ હે દેવ તારે સારૂ મારો આત્મા તલપે છે." (ગીતશાસ્ત્ર ૪૨ : ૧) એ ઝંખના અને પાણીની સમસ્યાએ માનવજાતને ભાંગેલાં ટાંકાં તરફ વાળી. અનેક મન સંતોષતાં પોત–પોતાનાં દેવ–દેવીઓ બનાવ્યાં: પણ એ તેમના મનની તરસ મટાડે એવાં નહોતાં જ.

મિત્રો, પાણી ક્યાંથી અને કેવી રીતે કાઢવું ? બહુ ઊંડું અને મુશ્કેલ છે; એવી કોઈ સમસ્યા કે મૂંઝવણ રહી નથી. જીવનનાં

જળનો ઝરો, ઈસુ ખ્રિસ્ત પોતે તમારી પાસે આવ્યો છે. એ ઝરાનું પાણી પીવાથી તમે પોતે જીવનજળનાં ઝરણાં બનશો.

આ પુસ્તિકા લખવામાં અને વાચકગણ સમક્ષ મૂકવાનો મારો એક માત્ર હેતુ તે એ જ છે કે પાતાળનાં ઊંડાં પાણી ઉપર લાવીને તમારા હાથોમાં મૂક્યાં છે; તેમાંથી જીવનનાં જળ પીઓ, અને જીવનશાંતિ અનુભવો.

પ્રભુ ઈસુ ખ્રિસ્ત એકલો જ જીવતા પાણીનો ઝરો છે. આ પાણી જ શુદ્ધ–શાંત–શક્તિદાયક છે. બનાવટી ટાંકાં, ભાંગેલાં–બોદલાં હોવાથી તેમાંના પાણી અશુદ્ધ અને વાસી તેમ જ ગુણકારી નથી જ. "જેથી તૃપ્તિ થતી નથી, તેને માટે તમારી કમાઈ [શા માટે ખરચી નાખો છો] ?" (યશા. ૫૫ : ૨)

"જે તરસ્યો હોય તે આવે; જે ચાહે તે જીવનનું પાણી મફત લે." (પ્રકટી. ૨૨ : ૧૭) હું તરસ્યાંને જીવનના પાણીના ઝરામાંથી મફત આપીશ." (પ્રકટી. ૨૧ : ૬)

એ જીવનનાં જળ તમે પીવો, અને જીવનજળના વહેતા વહેળા બનો; જે જગતના છેડા સુધી વહેતા રહે. એ જ મારા ઊંડા અંતરની ઝંખના છે. પ્રભુ તે આ પુસ્તિકા અને તમારા દ્વારા પરિપૂર્ણ કરો......

આમીન અને આમીન.

ઑગસ્ટ ૧૫, ૧૯૮૫
સ્ટેટન આઇલેન્ડ, ન્યૂયોર્ક
**પ્રતાપ જે. કૉન્ટ્રાક્ટર**

ભેટ......

"જીવતનાં જળ"ની પુસ્તિકારૂપી પાણીની પરબ ખુલ્લી છે. વાચકગણ મિત્રો, તેમાંથી પીએ. અને પોતાના તલપતા જીવ શાંત કરે. પ્રભુ ઈસુ ખ્રિસ્ત–જીવતા પાણીના ઝરાને પોતાનો બનાવી, તેનામાં રહી, ખીલેલાં–ફાલેલાં–ફળવંત અને આશીર્વાદિત વૃક્ષો બનો, એવી પ્રાર્થના સાથે જાહેર જનતાને આ પુસ્તિકા સપ્રેમ ભેટ ધરૂં છું. તેને અપનાવી કૃતાર્થ કરશો.

— પ્ર. જે. કૉન્ટ્રાકટર

# પ્રકરણ—૧

# માનવ અને પાપ

આ દુનિયા ઈશ્વરની છે. અનાદ્યંત પ્રભુ પરમેશ્વરે તે ઉત્પન્ન કરી. જ્યોતિઓ, અજવાળું, અંધારૂં, ઋતુઓ-સમયો, તેમ જ ઝાડપાન, ફળફૂલ, નદીનાળાં, પહાડપર્વત, જનજનાવર, સર્વ ખેચર વાયુચર, જળચર, વનચર, જીવજંતુ સર્વ તેના જ હાથની કૃતિઓ છે; અને તે સર્વ ઉત્તમ છે. પરંતુ મનુષ્ય એ સર્વ કૃતિઓમાં ઉત્તમોત્તમ છે.

ઈશ્વરે મનુષ્યને પોતાના જ સ્વરૂપ અને પ્રતિમા પ્રમાણે બનાવ્યું. એટલા માટે કે તે તેની સાથે સંબંધ રાખે. તેની સાથે મૈત્રીનો વ્યવહાર કરી શકે. ઈશ્વર માણસજાતને ચાહે છે. ઈશ્વર, એનામાં અને એના દ્વારા મહિમાવાન-ગૌરવી મનાવવા ચાહે છે. વળી પ્રત્યેક માનવી ઈશ્વરની દૃષ્ટિમાં બહુ કિંમતી છે. માટે તો કોઈપણ માનવીનો જન્મ થાય તે પહેલાં ગર્ભસ્થાનમાંથી જ દેવ તેને ઓળખે છે. (ગીત. ૧૩૯ : ૧૩ ) વિશેષમાં ઈશ્વર તમને ચાહે છે; માટે તે કેવી અજાયબ હૈયાધારણ આપે છે. તે બહુ સ્પષ્ટ કહે છે, "તું બીશ મા, કેમ કે મેં તારો ઉદ્ધાર કર્યો છે. મેં તારૂં નામ લઈને તને બોલાવ્યો છે; તું મારો છે." વળી તેની સંભાળ કેવી અદ્ભુત છે. "તું પાણીઓમાં થઈને જઈશ, ત્યારે હું તારી સાથે હોઈશ. તું નદીઓમાં થઈને જઈશ, ત્યારે તેઓ તને ડુબાડશે નહિ. તું અગ્નિમાં ચાલીશ, ત્યારે તને આંચ લાગશે નહિ; અને જ્વાળા તને બાળશે નહિ; કેમ કે હું યહોવાહ તારો ઈશ્વર છું. હું ઈસ્રાએલનો પવિત્ર [ઈશ્વર] તારો ત્રાતા છું...કેમ કે તું મારી દૃષ્ટિમાં

મૂલ્યવાન થયો છે; તું સન્માન પામેલો છે, ને મેં તારા પર પ્રીતિ કરી છે...મેં મારા મહિમાને અર્થે ઉત્પન્ન કર્યો છે તેને લાવ; મેં તેને બનાવ્યો; હા, મેં તેને પેદા કર્યો છે. (યશા ૪૩ : ૧-૭) વળી ઈશ્વર કહે છે કે, "ગર્ભાવાસથી માંડીને મેં તમને ઉપાડી લીધા છે, વળી ગર્ભસ્થાનથી માંડીને [મેં તમને] ઊંચકીને ફેરવ્યા છે. તમારા ઘડપણ સુધી હું તે જ છું, પળિયાં આવતા સુધી હું [તમને] ઉપાડી લઈશ. મેં ઉત્પન્ન કર્યું છે, ને હું [તમને] ઊંચકી રાખીશ, હા, હું, [તમને] ઉપાડી લઈશ, અને [તમને] બચાવીશ." (યશા ૪૬ : ૩ , ૪)

જોયું ? ઈશ્વર તમારા પર કેટલો બધો પ્રેમ કરે છે ? કેટલી બધી સંભાળ રાખે છે ! શું એ બાબતે તમે કદી વિચાર કર્યો છે ? ઈશ્વરના આવા અગાધ પ્રેમના બદલામાં, શું આપણે આભારી બનીને તેના ચરણોમાં ઝૂકી ગયાં છીએ ? આપણે તેને ચાહ્યો છે? જનાવરને ટુકડો રોટલી નાખીએ તો તે ગેલ કરે છે; બીકણ પારેવડાં વિશ્વાસ મૂકીને તમારી પાસે ચણે છે. તમે ઈશ્વરને કેટલું સન્માન આપો છો ? બલ્કે, તમારી નવરાશ-નિરાંતે તમે એમ નથી વિચારતાં કે "હે જીવ, ખા, પી, મોજ કર. તારા માટે ઘણું પેદા કર્યું છે. તારા ઉપભોગ માટે મેં...મેં...મેં સઘળું એકઠું કર્યું છે...ત્યારે, શું ભૂલી ગયાં કે આપણે માટીપગા માનવી-રાખનાં રમકડાં, ક્ષણભંગુર અને કેવાં અલ્પજીવી છીએ. જરૂર આપણે ભૂલી ગયાં છીએ, પણ ઈશ્વર આપણું બંધારણ જાણે છે; આપણે ધૂળનાં છીએ એવું તે સંભારે છે. માણસના દિવસો ઘાસ જેવા છે; ખેતરમાંના ફૂલની પેઠે તે ખીલે છે. કેમ કે વા તેના પર થઈને વાય છે; અને તે હતું ન હતું થઈ જાય છે; અને તે કયાં હતું એ કોઈને માલૂમ પડતું નથી. એટલે તો ઈશ્વર આપણાં પાપ

પ્રમાણે આપણી સાથે વર્ત્યો નથી, આપણા અન્યાયના પ્રમાણમાં તેણે આપણને બદલો વાળ્યો નથી. (ગીતશાસ્ત્ર ૧૦૩ : ૧૪–૧૬, ૧૦) કેવો દયાળુ ઈશ્વર છે! તેણે આપણા પર પ્રેમ કર્યો છે; એ પ્રેમને તે ટકાવી રહ્યો છે. તેની સ્તુતિ થાઓ તેને માન અને મહિમા હો...હાલેલુયાહ...

આદમ–હવાએ પ્રથમ ભૂલ કરી. મના કરેલું ફળ ખાધું, ઈશ્વરની આજ્ઞા તોડી; ત્યારથી માનવી બદલાયું. અવિશ્વાસ અને મનમેલાં થયાં. માનવી બદલાયું પણ ઈશ્વર બદલાયો નહિ. માનવી ઈશ્વરથી દૂર રહેવા સંતાવા લાગ્યાં, પણ ઈશ્વર માણસને શોધવા આવ્યો...“ આદમ, તું ક્યાં છે?” ( ઉત્પત્તિ ૩ : ૯ )

પાપે આદમ હવાને નગ્ન કર્યાં; તેમની લાજ અને શરમ ખુલ્લા કરી. ભય અને બીક પેદા કર્યાં. ઈશ્વરથી દૂર સંતાવા લાગ્યાં. ઈશ્વર સાથેની મૈત્રીમાં વિક્ષેપ પડ્યો. વિશેષ તો આદમ અને હવા બંને એકબીજા પ્રત્યે મનનાં મોળાં થયાં. એકબીજાને દોષિત ઠરાવવા લાગ્યાં. પાપ માનવીને દૂર દૂર ધકેલી ગયું. તરસથી તડપતું હરણું ખોટી દિશામાં ઝાંઝવા તરફ દોડતું રહે, તેમ માનવી પણ દોડતું જ રહ્યું પણ અવળી દિશામાં. “ જેમ પાણીના નાળાને સારુ હરણ તલપે છે, તેમ હે દેવ, તારે સારુ મારો આત્મા તલપે છે.” ( ગીતશાસ્ત્ર ૪૨ : ૧ ) ઝાંઝવા તરફ દોડતા હરણને પાણી મળતું નથી; બલ્કે ઠગાતું જ રહે છે; એમ માનવી પણ પોતાના ભ્રમમાં જૂઠ પાછળ ગમે તેટલું દોડતું અને તલપતું રહે તોય એને સત્ય ક્યાંથી પ્રાપ્ત થાય?

આદમ હવાની નગ્નતા ઢાંકવા ઈશ્વરે હલવાનનું બલિદાન આપીને તેનાં ચામડાનાં વસ્ત્ર બનાવી તેમને પહેરાવ્યાં. એ પ્રથમ પ્રયાસથી માંડીને આજ સુધી ઈશ્વર માણસના મોક્ષ–કલ્યાણ માટે મથતો-

મહેનત કરતો જ રહ્યો છે. તે પ્રત્યેક માનવીને તેનું નામ દઈ ને બોલાવતો, પડકારતો જ રહ્યો છે. "આદમ તું ક્યાં છે?" (ઉત્પત્તિ ૩:૯) "તારો ભાઈ ક્યાં છે. (૪ : ૯) એવા અનેક વિધ પડઘા વાતાવરણમાં ઘોળાતા જ રહ્યા છે.

ત્યારે કોઈ સવાલ કરશે કે, ઇશ્વર તે સર્વશક્તિમાન, સર્વજ્ઞાની, સર્વવ્યાપક, હોવા છતાં તે માનવ જેવાને પોતાનો કરી લેવા પોતાના તરફ વાળી લેવા કેમ નાકામયાબ દેખાયો છે? શેતાન કેમ બળિયો બન્યો છે? પાપ કેમ વધતું જ ગયું છે? આવા પ્રશ્ન વ્યાજબી છે. એનો જવાબ પણ એટલો જ વ્યાજબી અને ચોકકસ છે...ઇશ્વર નબળો નથી. "એનો હાથ એટલો ટૂંકો થઈ ગયો નથી, કે તે બચાવી ન શકે." (યશા ૫૯ : ૧) તેમ છતાં "ઇન્સાફ પાછળ ઠેલી મુકાય છે, અને ન્યાયીપણું વેગળું રહે છે. સત્ય રસ્તામાં પડી રહ્યું છે, અને પ્રમાણિકપણું પ્રવેશ કરી શકતું નથી. વળી સત્યનો અભાવ છે. અને દુષ્ટ કર્મોથી દૂર રહેનારો લુંટાય છે." (યશા ૫૯ : ૧૪, ૧૫) વળી ઇશ્વર પોતે કહે છે કે "સિયોનની દીકરીઓ ગર્વિષ્ટ છે. તેઓ માથું ઊંચું રાખીને, કટાક્ષ મારતી, પગથી છમકારા કરતી, અને ઠમકતી ઠમકતી ચાલે છે. તેથી પ્રભુ, સિયોનની દીકરીઓના માથાને ઉંદરીવાળું કરી નાખશે, અને યહોવાહ તેમને ઉઘાડાં કરશે. તે જ દિવસે પ્રભુ, કલ્લાંની શોભા લઈ લેશે. માથાબાંધણાં, ચંદનહાર, ઝુમખા, બંગડીઓ, ઘૂમટા, મુગટો, સાંકળાં, પટકા, અત્તરદાનીઓ, માદળિયાં, વીંટી, નથ, ઉત્તમ વસ્ત્રો, ઝભ્ભાઓ, શાલો, વાટવા, આરસીઓ, બદનો, પાઘડીઓ, તથા બુરખાઓ [ તે બધું લઈ લેવાશે, ] ત્યારે સુગંધને બદલે દુર્ગંધ થશે; પટકાનાં બદલામાં દોરડું, ગૂંથેલા કેશને બદલે ટાલ; ઝભ્ભાને બદલે તાટની કછોટી; અને સુંદરતાને બદલે ડામ થશે." ( યશા. ૩ : ૧૬-૨૪ )

પરંતુ ઈશ્વર દયાળુ છે. તે કોપ કરવામાં ધીમો પણ કૃપા દેખાડવામાં બહુ ઉતાવળો છે. (ગીતશાસ્ત્ર ૧૦૩ : ૮) તે નાશ કરવામાં નહિ, પણ બચાવવામાં આનંદ માણે છે. તેથી જ તે ધીરજ રાખે છે. પ્રત્યેક માનવીને માટે તેણે પૂરેપૂરી તક અને ધીરજ રાખેલાં છે. એ ઉપરાંત ઈશ્વરે માનવજાતને તેની આગવી સ્વેચ્છા આપી છે. માનવીની એ સ્વેચ્છિત ઇચ્છાને છીનવી લેવા માગતો નથી. એકલા માનવોને જ આપેલી આ સ્વેચ્છા-સ્વતંત્રતા પર ઈશ્વર તરાપ મારવા માગતો નથી. માનવીને ભલું અને ભૂંડું જાણવાનું જ્ઞાન છે. એ જાણીને કઈ તરફ વળવું તે તેની પોતાની ઇચ્છા પર રાખ્યું છે. એટલે જ માનવી એકવાર પાપ તરફ વળ્યા પછી તેને એ માર્ગ વધારે પસંદ પડે છે. એ માર્ગ પહોળો અને સહેલો છે. (માથ્થી ૭ : ૧૪) એ માર્ગના લોભ-પ્રલોભનો એને બહુ ભાવતાં આવે છે. કેમ કે શેતાન ધૂર્ત-ઠગારો છે. એના પાપ ઠગારાં છે. (પ્રકટી. ૧૨ : ૯)

શેતાનનાં બધાં જ પાપ ત્રણ પ્રકારમાં વહેંચાયેલાં છે, જે માણસમાત્રને બહુ અનુકૂળ અને ભાવતાં લાગે છે. શેતાને એદન વાડીમાં આવીને હવાને ભુલાવો (ઉત્પત્તિ ૩) ત્યારે જે ફળ ખાવાને ઈશ્વરે મના કરી હતી તે જ ફળ તરફ તેના મનને કેન્દ્રિત કર્યું. શેતાને આ લાભ તે હવાની એકલતાનો લીધો. અહીં હવા એકલી હતી. માનવીના એકલપણાનો લાભ શેતાનને બહુ જ ભાવતો આવે છે. માણસને માટે એકાંતવાસ બહુ ખતરનાક છે. ત્યારે જ શેતાન તેની તરકીબમાં વિશેષ ફાવે છે.

હવે આપણે શેતાનના પરીક્ષણની રીત અને પ્રકાર જોઈએ...

### "તે ફળ ખાવાને વાસ્તે સારું" (૩ : ૬)

આ દેહની ભૂખ હતી. માણસનું પેટ કદી ભરાતું જ નથી. તે હંમેશાં ભૂખ્યું જ રહે છે. ગમે તેટલીવાર અને ગમે તેટલું ખાઓ તોપણ બીજી ટંકે તે ખાલી-ભૂખ્યું જ હોય છે. પેટની ભૂખ બહુ વસમી છે. તેથી તો એ પેટ માણસ પાસે વેઠ કરાવે છે. ભૂખ માટે માનવી પોતાનું જીવન વેચી દે છે. પોતાના આશીર્વાદો જતા કરવા તૈયાર બને છે. એ સાથે થોડાક ખોરાક માટે પોતાનું જયેષ્ટપણું અને આશીર્વાદો જતા કર્યા. (ઉત્પત્તિ ૨૫ : ૩૩ ) પેટની ભૂખ પાપ તરફ ઘસડી જાય છે.

દેહની બીજી ભૂખ તે વાસના-વિકાર છે. માનવીના સર્વાંગ વિકાસ સાથે જ વાસના ભૂખ જાગે છે. દેહવાસનાને અંકુશમાં રાખવી એ બહુ વસમી વાત છે. ઈશ્વરનું જ્ઞાન જ તેમાંથી બચાવી શકે. જેઓ ઈશ્વરના સત્ય પ્રત્યે દુર્લક્ષ કરે છે, તેઓ અયોગ્યતા તરફ વળે છે. ( રૂમી. ૧ : ૨૧-૨૮ )

### "જોવામાં સુંદર" ( ૩ : ૬ )

માનવીની દૃષ્ટિ તેનામા લાલસા-લાલચ પેદા કરે છે. તેને મનગમતી ચીજ માટે તે વલખાં મારે છે. તેને યેનકેન પ્રકારે પ્રાપ્ત કરવા તે ગમે તેવાં જોખમ પણ ખેડે છે. " શરીરનો દીવો તે આંખ છે; એ માટે જો તારી આંખ નિર્મળ હોય, તો તારું આખું શરીર પ્રકાશે ભરેલું થશે. પણ જો તારી આંખ ભૂંડી હોય, તો તારું આખું શરીર અંધકારે ભરેલું થશે." ( માથ્થી ૬ : ૨૨, ૨૩ ) " લાવણ્ય ઠગારું છે, અને સૌંદર્ય વ્યર્થ છે." ( નીતિ. ૩૧ : ૩૦ ) લોભ એ સઘળાં પાપનું મૂળ છે. આ લોભ અને લાલચ આંખની લાલસા અને ઠગાઈ છે. ચળકતાને આપણે સોનું માનીએ છીએ, એ આપણો દૃષ્ટિભ્રમ છે.

## "જ્ઞાન આપવાને ઇચ્છવાજોગ" ( ૩ : ૬ )

આદમ ઈશ્વરના સ્વરૂપમાં બનાવાયો હતો. તેનામાં દૈવી જ્ઞાન હતું જ. (ઉત્પ. ૨ : ૧૯–૨૦ ) પરંતુ આ ખાવાથી–ઈશ્વરની આજ્ઞા તોડવાથી બીજા પ્રકારનું આ જ્ઞાન વધારે ઇચ્છવા જોગ ગણાયું છે. આ જ્ઞાન અનાજ્ઞાધીનપણાનું–આડાઈનું જ્ઞાન છે. એ જ્ઞાન ઈશ્વરની પણ પરીક્ષા કરે છે. ઈશ્વરથી દૂર કરનારું અવિશ્વાસનું જ્ઞાન છે. તે ઈશ્વર પ્રત્યે અવગણના પેદા કરે છે.

બહુધા શેતાન આ ત્રણ પ્રકારનાં પરીક્ષણોથી જ માણસ માત્રની કસોટી કરે છે. માનવી માત્રનાં સઘળાં પાપ આ ત્રણ પ્રકારનાં જ હોય છે.

ઈસુ ખ્રિસ્ત પણ યરદન નદીમાં બાપ્તિસ્મા પામ્યા પછી એકાંત-અરણ્યમાં લઈ જવાયો. ચાળીસ દિવસ તે ત્યાં ઉપવાસ–મનન અને પ્રાર્થનામાં રહ્યો. ત્યારે શેતાન તેનું પરીક્ષણ કરવા–કસોટી કરવા આવ્યો. ચાળીસ દિવસનો ભૂખ્યો જોઈને, શેતાને સૌ પ્રથમ તેના પેટની ભૂખનું જ પરીક્ષણ મૂકયું. "જો તું દેવનો દીકરો છે, તો આ પથ્થરોને કહે, કે તેઓ રોટલી થઈ જાય." કેવું સમયસરનું અને લલચાવનારું એ સૂચન હતું !

પરંતુ ઈસુએ જવાબ આપ્યો કે "માણસ એકલી રોટલીથી નહિ, પણ હરેક શબ્દ જે દેવના મોંમાંથી નીકળે છે તેથી જીવશે."

શેતાનના મોં પર આ કેવો સખત તમાચો હતો ! પ્રત્યેક માનવી માટે આ કેવો અલૌકિક પાઠ હતો ! દૈહિક રોટલી–ઉત્તમ ભોજન માત્ર દેહને સ્થૂલ બનાવે–વિકાસ કરે અને નાશ લાવે. પરંતુ જીવનની રોટલી–દેવનાં વચનો, જ્ઞાન તે તો શરીર, પ્રાણ અને આત્માને ટકાવી રાખનાર અને અનંતજીવન આપનાર છે. (યોહાન ૬ : ૨૭–૫૧)

બીજા પરીક્ષણ માટે શેતાન ઈસુને ઊંચા પહાડ ઉપર લઈ ગયો. ત્યાંથી જગતનાં સઘળાં રાજ્યો અને તેની ભરભરાટી–મહિમા દેખાડયાં; અને લલચાવ્યો કે "મારા પગે પડીને ભજન કર તો તે સઘળાં રાજ્યો અને વૈભવ હું તને આપીશ." પરંતુ ઈસુ એવો લોભી–લાલચુડો નહોતો. તેની દૃષ્ટિ નિર્મળ હતી. તે જાણતો હતો કે જગતનો વૈભવ નાશવંત છે. ઈસુ દૃષ્ટિદોષ કરે તેવો નબળો નહોતો. તેણે શેતાનને બીજી લપડાક મારી કે, "પ્રભુ તારા દેવનું ભજન કર અને તેની એકલાની જ સેવા કર."

ત્રીજું પરીક્ષણ યરુશાલેમના પવિત્ર મંદિરના બુરજ પર થયું. શેતાને કહ્યું, "જો તું દેવનો દીકરો છે, તો પોતાને હેઠળ પાડ અને જો, કે તેના દૂતો તને ઝીલી લે છે કે નહિ." ઈશ્વરની પરીક્ષા કરવાનું આ જ્ઞાન અને રીત હતી. ઈશ્વરના આપેલા વચનની કસોટી એટલે તે પ્રત્યે અવિશ્વાસ અને ન માનવા બરાબર ગણાય. માણસોને આવું જ્ઞાન–ઈશ્વરની કસોટી કરવાનું-પરીક્ષા કરવાનું, ઈશ્વરનાં વચનો સાચાં છે કે પોકળ એની ખાતરી કરવાનું ઘણીવાર ગમે છે. એ તો ઈશ્વર પ્રત્યે અણગમો છે. દેવ માત્ર એક જ છે. એ એકલા ઈશ્વર વગર જો તમે બીજો ઈશ્વર બનાવ્યો હોય તો તમને કદાપિ તુલના કરવાનું મન થાય. યેનકેન શેતાન તમને દેવથી વિખૂટાં પાડવા આવાં પરીક્ષણો તમારી આગળ મૂકે છે.

ઈસુએ સીધો જ જવાબ આપ્યો કે, "તારા પ્રભુ દેવનું પરીક્ષણ તું ન કર." શેતાન માટે આ અસહ્ય લમણાં માર હતો. તે ઈસુને મૂકીને નાસી ગયો. ઈસુના જીવન વિજયની આ શરૂઆત હતી.

મિસર દેશમાં ગુલામ તરીકે વેચાએલા, જુવાન--ફૂટડા યૂસફની

શરૂઆતના મંડાણમાં જ આ ત્રણે પ્રકારનાં પરીક્ષણો, પોટીફારની સ્ત્રી દ્વારા આવ્યાં, પણ યૂસફ વિજેતા નીવડયો. (ઉત્પત્તિ ૩૯ : ૬-૨૩)

દાનીએલ, શાદ્રાખ, મેશાખ, અબેદનગો, તેઓને આ જ પ્રકારનાં પરીક્ષણોમાંથી પસાર થવું પડ્યું, યાતનાઓ ભોગવી પણ પરીક્ષણોમાં મચક આપી નહિ. (દાનિયેલ ૩:૬, ૧૦--૨૪)

હનોખ દેવની સંઘાતે ચાલ્યો. (ઉત્પત્તિ ૫ : ૨૪) નૂહ પોતાના જમાનામાં ન્યાયી તથા સીધો માણસ હતો. (ઉત્પત્તિ ૬ ; ૯) ઈબ્રાહીમ ઈશ્વરનો મિત્ર બન્યો. સારાહ, રૂથ, એસ્તેર, મરિયમ માગ્દાલેણ અને બીજી ઘણી ઓસેવિકાઓ દેવના મહિમામાં ગૌરવી બની છે.

આદમ, આ પરીક્ષણમાં જ હારી ગયો. દાઉદ અને સુલેમાન પડી ગયા. સામસુન, પરાજિત થયો. યહુદા, દ્રવ્યલોભમાં વિશ્વાસ-ઘાતી બન્યો. દેમાસ, જગત પર પ્રેમ કરીને હારી ગયો.

મિત્રો, આપણે કયાં છીએ ? શું શેતાનનાં આવાં પરીક્ષણોનો આપણે મક્કમપણે મુકાબલો કર્યો છે ? શું સંત પાઉલની માફક કહેવાની આપણી હિંમત છે ? "હું સારી લડાઈ લડયો છું. મેં દોડ પૂરી કરી છે." ( ૨ તીમોથી ૪ : ૭ )

કારણ કે અમારું બાહ્ય મનુષ્યત્વ ક્ષય પામે છે, તો પણ અમારું આંતરિક મનુષ્યત્વ રોજબરોજ નવું કરાતું જાય છે. કેમ કે અમારી જૂજ તથા ક્ષણિક વિપત્તિ અમારે સારુ અત્યંત વધારે સદાકાલિક તથા ભારે મહિમા ઉત્પન્ન કરે છે. કેમ કે જે વસ્તુઓ દશ્ય છે, તેના પર નજર ન રાખતાં, જે અદશ્ય છે તેમના પર અમે લક્ષ રાખીએ છીએ. કેમ કે જે દશ્ય છે તે ક્ષણિક છે; પણ જે અદશ્ય છે તે સાર્વકાલિક છે." ( ૨ કોરીંથી ૪ : ૧૬–૧૮ )

ઉપરોક્ત સર્વ હકીકતો પરથી સ્પષ્ટ ફલિત થાય છે કે આપણે

બહુ ચોક્કસ રીતે અને સાવધપણે પાપનો સામનો કરવો જોઈએ. વળી, પ્રભુ ઈસુના નમૂનાથી આ લડાઈ લડવાનું માર્ગદર્શન મળે છે કે આપણે શેતાનને-આપણા દુશ્મનને ત્રણ બાજુથી નીરખીએ, અને સામનો કરીએ.

પ્રથમ શેતાનની ગમે તે હિલચાલ, તેની તરકીબ, તેનાં પરીક્ષણને, ઈશ્વરનાં પવિત્ર અને જીવંત વચનોના પ્રકાશમાં નિહાળીએ. વચનોના પ્રકાશમાં શેતાનની ચાલબાજી-ઠગબાજી ખુલ્લાં પડી જશે. ઈશ્વરના વચનોથી જ શેતાન હારે છે.

દાઉદ ભક્તનાં વચનો જુઓ..." હું તારી વિરૂદ્ધ પાપ ન કરૂં માટે મેં તારું વચન મારા હૃદયમાં સંઘરી રાખ્યું છે" (ગીત ૧૧૯ : ૧૧) "મારું હૃદય તારા વિધિઓ વિષે પૂર્ણ થાય, કે મારે લજવાવું ન પડે." (ગીત ૧૧૯ : ૮૦) " મારા પગોને સારુ તારું વચન દીવારૂપ છે; તે મારા માર્ગને સારુ અજવાળારૂપ છે." (૧૧૯ : ૧૦૫)

બીજી રીતે પરીક્ષણની જાંચ કરવી તે એ છે, કે પરીક્ષણ પાપને ઈશ્વરના ન્યાયશાસનના પ્રકાશમાં જોવાં. ઈશ્વરના ન્યાયાસન આગળ કોઈપણ વાત ગુપ્ત કે છાની રહી શકતી જ નથી. પાપ તે પાપ જ દેખાય આવે છે. કેમ કે દેવ પાપને ધિક્કારે છે. દેવના ન્યાયના ત્રાજવામાં પરીક્ષણ-પાપ ગમે તેવા ઉપરથી દેખાતાં, આકર્ષક મોહક અને સરસ લાગતાં હોય, પણ તે હલકાં અને ઓદાં માલૂમ પડી આવે છે. " મારા સર્વ શિક્ષકો કરતાં હું વધુ સમજું છું; કેમ કે હું તારાં સાક્ષ્યોનું ધ્યાન ધરૂં છું. વૃદ્ધોના કરતાં હું વિશેષ જાણું છું; કેમ કે મેં તારાં શાસનો પાળ્યાં છે." (ગીત ૧૧૯ : ૯૯-૧૦૦) " તારાં શાસનોથી મને સમજણ મળે છે; માટે હું દરેક જૂઠા માર્ગને ધિક્કારૂં છું." (૧૧૯ : ૧૦૪)

ત્રીજી પરીક્ષા—હરેક પરીક્ષણ વખતે કરવાની તે એ છે કે એ પરીક્ષણનો અંજામ—આખરી પરિણામ શું આવશે ? સાર્વકાલિક શાસન કે પછી સાર્વકાલિક જીવન ? ( માત્થી ૨૫ : ૪૬ ) “ તું મને જીવનનો માર્ગ જણાવશે; તારી સંમુખ સંપૂર્ણ આનંદ છે; તારા જમણા હાથમાં અનંતકાળ ટકનારાં સુખદાયક વાનાં છે.” ( ગીત. ૧૬ : ૧૧ )

શેતાન અને તેના તરફથી આવતાં પરીક્ષણોનો આ ત્રણ રીતે સામનો કરવો જરૂરી છે, એફેસીઓને પત્રના છઠ્ઠા અધ્યાયની ૧૪ થી ૧૭ કલમો પ્રમાણે આત્માનાં હથિયારો—સાધનોથી પોતાને પૂરાં તૈયાર રાખો. જુઓ, તમારી પીઠના રક્ષણ માટે એકે સાધન અપાયું નથી; કેમ કે સાચો સૈનિક કદી પીઠ ફેરવતો નથી.

“તેથી, ભાઈઓ, હું તમને વિનંતી કરીને કહું છું, કે ઈશ્વરની દયાની ખાતર, તમે તમારાં શરીરોનું, જીવતું, પવિત્ર, તથા ઈશ્વરને પસંદ પડે એવું, અર્પણ કરો; એ તમારી બુદ્ધિપૂર્વક સેવા છે. આ જગતનું રૂપ તમે ન ધરો; પણ તમારાં મનથી નવીનતાને યોગે તમે પૂર્ણ રીતે રૂપાંતર પામો, જેથી ઈશ્વરની સારી તથા માન્ય તથા સંપૂર્ણ ઇચ્છા શી છે, તે તમે પારખી શકો.” (રૂમી. ૧૨ : ૧–૨)

# પ્રકરણ—૨

# પાપની માફી

ત્યારે હવે એ સ્પષ્ટ થાય છે કે ઈશ્વરે માણસને નેક બનાવ્યું પણ શેતાને માનવીને ભમાવ્યું, અને તેના શીખવ્યા પ્રમાણે માણસે અનેક કુયુક્તિઓ શોધી કાઢી. માણસનું હૃદય ભૂંડું બનતું ગયું,

એટલે સુધી કે તે કોઈથી ઓળખી શકાય તેવું રહ્યું નહિ. બલ્કે માણસ પોતે પોતાના હૃદયને કળી કે પારખી શકતું નથી. "હૃદય સૌથી કપટી છે, તે અતિશય ભૂંડું છે; તેને કોણ જાણી શકે?" (યિર્મે. ૧૭ : ૯)

માણસની પાપી અવસ્થાનું ઉગમસ્થાન હૃદય છે. "કેમ કે માંહેથી એટલે માણસોના હૃદયમાંથી, ભૂંડા વિચારો નીકળે છે, એટલે છિનાળું, ચોરીઓ, હત્યાઓ, વ્યભિચારો, લોભ, દુષ્ટતા, કપટ, કામાતુરપણું, અદેખાઈ, નિંદા, અભિમાન, મૂર્ખપણું; એ બધાં ભૂંડાં વાનાં માંહેથી નીકળે છે, ને તે માણસને વટાળે છે." (માર્ક ૭ : ૮–૨૩)

માણસ માત્રની આવી દયાજનક સ્થિતિ છે. ત્યારે એ એટલું જ સત્ય છે કે ઈશ્વર માણસને ચાહે છે. પાપના કારણથી માણસ માણસને ધિક્કારે, બાપ, દીકરાને કાઢી મૂકે, દીકરો બાપને તુચ્છ ગણે. આપણે પોતે પાપી હોવા છતાં પાપીને ચાહતાં નથી, બલ્કે તેને વધારે ઊંડી ગર્તામાં ઉતારીએ છીએ. જ્યારે ઈશ્વર પોતે નિષ્કલંક--નિરંજન છતાં તે પાપીને ચાહે છે. તે પાપનો કટ્ટર વિરોધી છે, પણ પાપીને આવકારે છે. "કેમ કે દેવે જગત પર એટલી બધી પ્રીતિ કરી કે તેણે પોતાનો એકાકીજનિત દીકરો આપ્યો, એ સારુ કે જે કોઈ તેના પર વિશ્વાસ કરે તેનો નાશ ન થાય, પણ તે અનંતજીવન પામે." (યોહાન ૩ : ૧૬) અને એ દીકરા પ્રભુ ઈસુ ખ્રિસ્તે જગત પર આવીને સંપૂર્ણ મનુષ્યત્વમાં નિષ્કલંક-નિર્દોષ–નિરંજન એવું જીવન ગુજાર્યું. તે માણસજાત માટે રસ્તો, સત્ય અને જીવન બન્યો. (યોહાન ૧૪ : ૬) તે રાત અને દિવસ, અનુકૂળ અને પ્રતિકૂળ, સર્વ પ્રસંગોમાં માણસોના કલ્યાણમાં જ રાજી રહેતો. તે માણસોનું ભલું જ કરતો રહ્યો. ભરજુવાનીમાં તે વધસ્તંભના માંચડે વીંધાયો.

કેમ ! તેના કયા વાંક સારુ આવું કારમું મરણ વેઠવું પડયું ? "ખચીત તેણે આપણાં દરદ માથે લીધાં છે, ને આપણાં દુઃખ તેણે વેઠયાં છે, પણ આપણે તો તેને હણાયેલો, ઈશ્વરથી માર પામેલો તથા પીડિત થયેલો માન્યો. પણ આપણા અપરાધોને લીધે તે વીંધાયો, આપણાં પાપોને લીધે તે કચડાયો, આપણને શાંતિ પ્રાપ્ત કરાવવાને માટે તેને શિક્ષા થઈ, ને તેના સોળથી આપણને સાજાપણું મળ્યું છે...ઈશ્વરે તેના પર આપણ સર્વનાં પાપ [નો ભાર] મૂકયો છે." યશાયાહ પ્રબોધકના પુસ્તકનો ૫૩મો અધ્યાય શાંત મને વાંચો. ફરી વાંચો. વારંવાર વાંચો. જુઓ, ઈશ્વરનો કેવો અગાધ પ્રેમ ! ઈશ્વર માણસને ચાહે છે. એ વાતની તમને ખાતરી થશે. તમારામાં ઈશ્વરનો પ્રેમ-દયા વહેતાં થશે. આ પ્રેમનો સંદેશો એ જ એક માત્ર સુવાર્તા છે. બાકી બીજી બધી વાર્તા છે.

૦ બીજું સત્ય એ છે કે માણસ માત્ર પાપી છે. "કારણ કે સઘળાંએ પાપ કર્યું છે. અને ઈશ્વરના મહિમા વિષે સઘળાં અધૂરાં રહે છે." (રૂમી. ૩ : ૨૩) "આપણે પાપ કર્યું નથી, એવું જો આપણે કહીએ, તો આપણે ઈશ્વરને જૂઠો પાડીએ છીએ, અને તેનું વચન આપણામાં નથી." (૧ યોહાન ૧ : ૧૦) માટે દાઉદ ભક્ત કબૂલાત કરે છે કે, "હું અન્યાયીપણામાં જન્મ્યો, અને મારી માએ પાપમાં મારો ગર્ભ ધર્યો હતો. હે ઈશ્વર, તારી, હા, તારી જ વિરૂદ્ધ મેં પાપ કર્યું છે, અને જે તારી દૃષ્ટિમાં ભૂંડું છે તે મેં કર્યું છે. (ગીત ૫૧ : ૫,૪) આ વચનો સ્પષ્ટ કરે છે કે માણસ માત્ર પાપી છે.

૦ ત્રીજું સત્ય બહુ ચોકકસ છે કે, " પાપનો મુસારો મરણ છે. " ( રૂમી. ૬ : ૨૩ ) " તમારું પાપ તમને પકડી પાડશે." ( ગણના ૩૨ : ૨૩ ) "દરેક માણસ પોતપોતાનાં પાપને લીધે

માર્યો જશે." (પુન ૨૪:૧૬) "અરે મરણ, તારો જય ક્યાં? અરે મરણ, તારો ડંખ ક્યાં? મરણનો ડંખ તો પાપ છે; અને પાપનું સામર્થ્ય નિયમશાસ્ત્ર છે." (૧ કોરીંથી ૧૫:૫૫, ૫૬)

૦ ચોથું અને સર્વોચ્ચ સત્ય એ કે ઈસુ ખ્રિસ્ત એ જ એકલો તારનાર છે, એ જ એકલો પાપની માફી આપી શકે છે.

"પણ માણસના દીકરા (ઈસુ ખ્રિસ્ત) ને પૃથ્વી પર પાપોની માફી આપવાનો અધિકાર છે, એ તમે જાણો માટે" (માત્થી ૯:૬) "તો તમો સર્વને તથા સર્વ ઇસ્રાએલી લોકોને માલૂમ થાય, કે ઈસુ ખ્રિસ્ત નાઝારી, જેને તમે વધસ્તંભ પર મારી નાખ્યો, અને જેને દેવે મૂએલામાંથી ઉઠાડ્યો;...તેના સિવાય બીજા કોઈથી તારણ નથી; કેમ કે જેથી આપણું તારણ થાય એવું બીજું કોઈ નામ આકાશ તળે માણસોમાં આપેલું નથી." (પ્રે. કૃ. ૪:૧૦-૧૨)

તે આકાશથી ઠરાવાયો હતો માટે જ દૂતે મરિયમને વધામણી આપી ત્યારે કહ્યું કે "તું તેનું નામ ઈસુ પાડશે; કેમ કે જે પોતાના લોકોને તેઓનાં પાપથી તારશે તે એ જ છે." (માત્થી ૧:૨૧) "જુઓ, દેવનું હલવાન, કે જે જગતનું પાપ હરણ કરે છે." (યોહાન ૧:૨૯)

૦ પાંચમું સત્ય, "રક્ત વહેવડાવ્યા વગર પાપની માફી મળતી નથી." (હેબ્રી. ૯:૨૨) એટલા જ માટે આદમ હવાની નગ્નતા ઢાંકવા માટે ઈશ્વરે હલવાનનું બલિદાન આપ્યું અને તેના ચામડાનાં વસ્ત્ર આદમ-હવાને પહેરાવ્યાં. અંજીરીના પાંદડાં કે માણસનાં હાથનાં બનાવેલાં કોઈપણ પ્રકારનાં વસ્ત્રો, ક્રિયા-કર્મ-કાંડ, જપ તપ, કરણી કશાં જ કામયાબ-ઉપયોગી નથી જ. માણસના

પાપની ખંડણી નિષ્કલંક નિર્દોષ લોહીથી જ ચૂકવી શકાય. માટે જ જેણે કદી પાપ જાણ્યું નહોતું, તે આપણે માટે પાપરૂપ બન્યો.

" આપણે હજી નિર્બળ હતા, એટલામાં યોગ્ય સમયે અધર્મીઓને સારુ ખ્રિસ્ત મરણ પામ્યો...આપણે જ્યારે પાપી હતા, ત્યારે ખ્રિસ્ત આપણે સારુ મરણ પામ્યો; એમ કરવામાં ઈશ્વર આપણા પર પોતાનો પ્રેમ પ્રગટ કરે છે...અને વળી, જ્યારે આપણે શત્રુ હતા, ત્યારે જો ઈશ્વરની સાથે તેના દીકરના મરણ દ્વારા આપણો તેની સાથે મિલાપ થયો, તો મિલાપ થયા પછી આપણે તેના જીવનને લીધે બચીશું તે કેટલું વિશેષ ખાતરીપૂર્વક છે." એટલું જ નહિ, પણ આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્ત દ્વારા આપણો હમણાં મિલાપ થયો છે, તેને આશરે આપણે ઈશ્વરમાં આનંદ પણ કરીએ છીએ. ( રૂમી ૫ : ૬,૮, ૧૦–૧૧ ) કારણ કે, " તે તારાં સઘળાં પાપ માફ કરે છે; અને તારા સર્વ રોગ મટાડે છે. તે તારો જીવ નાશથી બચાવે છે, અને તને કૃપા તથા રહેમનો મુગટ પહેરાવે છે." ( ગીત. ૧૦૩ : ૩,૪ )

કેવી અદ્દભુત દયા ! કેવો અજબ પ્રેમ ! કેવો અદ્વિતીય બચાવ ! મનુષ્યજીવનના સર્વાંગ વ્યક્તિત્વનો એટલે શરીર, પ્રાણ અને આત્માનો ઉદ્ધાર, અજોડ અને એનમૂન છે. " માટે, જો કોઇ માણસ ખ્રિસ્તમાં છે, તો તે નવી ઉત્પતિ [છે]. જે જૂનું હતું તે સર્વ જતું રહ્યું છે; જુઓ, તે નવું થયું છે." ( ૨કરીંથી. ૫:૧૭)

મિત્રો, આવો, અહીં કાલવરીના ડુંગરા પર...જુઓ, માનવ મહેરામણ વચ્ચે આ કોણ વધસ્તંભે લટક્યો છે ? તેના મોંના શબ્દો સાંભળો," હે બાપ, તેઓને માફ કર." ( લૂક ૨૩ : ૩૪ ) જરા ધારીને જુઓ, એ ગુનેગાર નથી. પણ આખા જગતના ગુના

અને પાપ તેણે પોતા પર લીધાં છે. આપણાં પાપનો ભાર ઉતારીને તેણે પોતા પર લીધો છે. ઈશ્વર બાપની મરજી તેને કચરવાની હતી, એટલા માટે કે તેના દોષાર્થાપણથી માણસનું તારણ મોકળું બને. ધન્ય છે એ મુક્તિદાતાને.........

"વધસ્તંભને નિહાળ, ઓ પાપીઆજ, વીંધાય મુક્તિદાતા એ તારે કાજે."
જ્યારે સ્તંભે હું ધ્યાન ધરું. જે પર મર્યો ગૌરવનો રાય,
અલભ્ય લાભ તોટો ગણું, ને સંસાર ત્યાગ કરું સદાય...
એમ ન થાય કે ખ્રિસ્ત મોત સિવાય, બીજામાં અભિમાન કરું,
મને બહુ મોહક હોય જે કાંઈ, તે સૌ ખુશીથી પરહરું...
મસ્તક ને હાથ ને પગથી વહી નીકળે છે શોક ને પ્રીત તે જો,
એમ શોક ને પ્રીત ભળ્યાં કદી? કે કાંટે આવો તાજ બન્યો?
જો મારું હોત જગત તમામ તો તે પ્રેમ સાટ છે જૂજ અર્પણ,
એવો અજબ ને દિવ્ય પ્રેમ, માગે મારાં તન, મન ને ધન......

મિત્રો, ધ્યાનથી જુઓ અને વિચારો. શું ઉપરોક્ત ગીતકર્તાના જેવી લાગણી અને સ્વાર્પણની ભાવના જાગે છે? હા, એ જ ભાવ અને લાગણી તેમ જ અનુભવ તમારાં બનશે.

## પ્રકરણ—૩

# નવો જન્મ—જીવન રૂપાંતર

"જેનું ઉલ્લંઘન માફ થયું છે, અને જેનું પાપ ઢંકાઈ ગયું છે, તેને ધન્ય છે." (ગીત. ૩૨ : ૧) પણ એ ક્યારે અને કેવી રીતે બને? "શું હબશી પોતાની ચામડી અને ચિત્તો પોતાનાં ટપકાં બદલી શકે?" (યિર્મે. ૧૩ : ૨૩) એ જન્મસિદ્ધ વારસાને કોણ બદલી શકે? અને માણસ જેનો પાપમાં જ ગર્ભ ધરાયો

અને પાપમાં જન્મ્યો; વળી માણસની ભૂંડાઈ અધિક થઈ. કેમ કે "તેઓનાં હૃદયના વિચારની હરેક કલ્પના નિરંતર ભૂંડી જ છે." (ઉત્પત્તિ. ૬ : ૫)

"તેઓમાંનો જે સર્વોત્તમ [ગણાય] છે, તે ઝાંખરા જેવો છે. જે સૌથી પ્રમાણિક [ગણાય] છે તે કાંટાની વાડ કરતાં [નઠારો] છે." (મીખાહ ૭ : ૪) માણસની આવી પાપમય વિષમ પરિસ્થિતિમાંથી કેવી રીતે ઊગરી શકે ?

કેદખાનાના દરોગાએ જ્યારે પાઉલ અને સિલાસના જીવનમાં ખરા ખ્રિસ્તી જીવનનાં મહિમા અને ગૌરવ દીઠાં, ત્યારે તે પગે પડીને પોકારી ઊઠયો કે "સાહેબો, તારણ પામવા સારુ મારે શું કરવું જોઈએ ?" ત્યારે તેઓએ તેને કહ્યું કે "પ્રભુ ઈસુ પર વિશ્વાસ કર, એટલે તું તથા તારા ઘરનાં સર્વ માણસો તારણ પામશે." (પ્રે.કૃ. ૧૬ : ૩૦,૩૧)

મનુષ્યજીવનમાં 'વિશ્વાસ' એ અતિ અગત્યની અને જરૂરની બાબત છે. વિશ્વાસ વગરનું જીવન જીવી જ ન શકાય. કેમ કે ડગલે અને પગલે આપણે બીજા પરના વિશ્વાસથી જ જીવવું પડે છે. કુટુંબમાં એકબીજા પર વિશ્વાસથી હળીમળીને રહીએ-જીવીએ છીએ. આડોશી-પાડોશી-સમાજ અને અન્યના વ્યવહારમાં વિશ્વાસ વગર આપણે કશુંય કરી ન શકીએ. બસ-ટ્રેનમાં બેસતાં તેના ચાલકમાં આપણે વિશ્વાસ મૂકીએ છીએ. જૂની લોક કહેવત છે કે, "વિશ્વાસે વહાણ ચાલે છે." વિશ્વાસ વગર મૈત્રી કે સંબંધ બંધાતા નથી; અને વિશ્વાસ જ તે ટકાવી રાખે છે.

મિત્ર, "વિશ્વાસ વગર [ઈશ્વરને] પ્રસન્ન કરવો એ બનતું નથી, કેમ કે ઈશ્વરની પાસે જે કોઇ આવે, તેણે તે છે, અને જેઓ અંતથી તેને શોધે છે, તેઓને તે ફળ આપે છે એવો વિશ્વાસ

કરવો જોઈએ." (હેબ્રી. ૧૧ : ૬)

કેમ કે હું તારો દેવ યહોવાહ છું. (યશા. ૪૩ : ૩) માટે કહેલું છે કે "ઊંઘનાર, જાગ, ને મૂએલામાંથી ઊઠ, ને ખ્રિસ્ત તારા પર પ્રકાશ પાડશે." (એફેસી. ૫ : ૧૪) "જુઓ, હું મોટા આનંદની સુવાર્તા તમને કહું છું, અને તે સર્વ લોકોને માટે થશે. કેમ કે આજ દાઉદના શહેરમાં તમારે સારુ એક તારનાર, એટલે ખ્રિસ્ત પ્રભુ, જન્મ્યો છે." (લૂક ૨ : ૧૦–૧૧)

"અમે [એકલા] તારા કહેવાથી વિશ્વાસ કરતાં નથી, કેમ કે અમે પોતે સાંભળીને જાણીએ છીએ કે જે જગતનો ત્રાતા તે નિશ્ચે એ જ છે." (યોહાન ૪ : ૪૨)

એમ ઈસુ ખ્રિસ્તમાં તમારો વિશ્વાસ પ્રગટ કર્યાથી તમે "ઈશ્વરની કૃપાથી તમે ઈસુ ખ્રિસ્તમાં છો, તે તો ઈશ્વર તરફથી આપણે સારુ જ્ઞાન, ન્યાયીપણું, પવિત્રીકરણ તથા ઉદ્ધાર થયો છે." (૧ કોરીંથી. ૧ : ૩૦) અને "એ આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તને આશરે દેવનું કૃપાદાન અનંતજીવન છે." (રૂમી ૬ : ૨૩) વળી "નિયમ [શાસ્ત્રના પાલન]થી મળતું ન્યાયીપણું તે નહિ, પણ ઈસુ ખ્રિસ્ત પરના વિશ્વાસ દ્વારા ઈશ્વરથી જે ન્યાયીપણું વિશ્વાસથી મળે છે, તે મારું થાય. (ફિલિપી. ૩ : ૯) "કેમ કે તમે બધા ખ્રિસ્ત પરના વિશ્વાસથી ઈશ્વરના દીકરા છો." (ગલાતી ૩ : ૨૬)

પ્રભુ ઈસુ ખ્રિસ્ત પરનો વિશ્વાસ એ માણસના તારણના પ્રવેશ માટેનો ઉમરો–ઓટલો છે. અહીંથી જ હવે તારણની સીડીનાં પગથિયાં શરૂ થાય છે.

નીકોદેમસ ફરોશી હતો. યહૂદીઓની ધાર્મિક સંસ્થાનો એક અધિકારી હતો. નિયમશાસ્ત્રનો ઉપદેશક અને શિક્ષક હતો. તે જ્ઞાની હતો. તે ઈસુ ખ્રિસ્તના શિક્ષણ અને ચમત્કારોથી પ્રભાવિત

થયો હતો. એક રાત્રે તે ઈસુ પાસે આવ્યો. ઈસુ પાસેથી તે કંઈક શીખવા ચાહતો હતો. તેઓની વાતચીત દ્વારા ઈસુ ખ્રિસ્તે તેને ખ્રિસ્તી જીવનનો પ્રથમ પાઠ શીખવ્યો. ઈસુએ કહ્યું કે "જો કોઈ માણસ નવો જન્મ પામ્યું ન હોય, તો તે ઈશ્વરનું રાજ્ય જોઈ શકતું નથી." (યોહાન ૩ : ૩)

નીકોદેમસ, માના પેટથી જન્મવું તે વિષે જાણતો હતો. તેથી એકવાર જન્મ્યા પછી બીજા નવા જન્મ વિષે તે ગૂંચાયો. ત્યારે ઈસુએ ફરી તેને સમજાવ્યું કે, "જો કોઈ માણસ પાણીથી તથા આત્માથી જન્મ્યું ન હોય; તો તે ઈશ્વરના રાજ્યમાં જઈ શકતું નથી. (૩ : ૫) ઈસુએ એ પણ કહ્યું કે "તારે નવો જન્મ પામવો જોઈએ, એથી આશ્ચર્ય પામતો ના. કારણ કે, વા જયાં ચાહે છે ત્યાં વાય છે, અને તું તેનો અવાજ સાંભળે છે, પણ તે કયાંથી આવે છે, અને કયાં જાય છે, એ તું નથો જાણતો; હરેક, જે આત્માથી જન્મેલું છે તે તેના જેવું જ છે." (૩ : ૭ , ૮) "જે દેહથી જન્મેલું છે તે દેહ છે, અને જે આત્માથી જન્મેલું છે તે આત્મા છે." (૩ : ૬)

નવા જન્મની આ વાત તે અન્યધર્મીઓ જે જન્મોજન્મની વાત કે સિદ્ધાંત માને છે, તેવી નથી જ. માણસ એકવાર જન્મે છે અને અનેકવાર મરે છે. જયારે આ નવા જન્મ વિષે ઈસુ ખ્રિસ્ત જે શીખવે છે, તે તો આજ જીવનમાં માણસ પોતાના પાપી જીવનમાંથી નીકળી જઈ તેના જીવનનું નવું પરિવર્તન થાય તેને 'નવો જન્મ' કહ્યો છે. આના આજ જીવનમાં દૈહિક માણસપણું જે પાપનું માણસપણું છે તે તજી દઈને આધ્યાત્મિક જીવન, જે ઈશ્વરની ઇચ્છા મુજબનું છે તે ગ્રહણ કરવું, એ નવો જન્મ છે.

બીજો એક પ્રસંગ જોઈએ... પ્રભુ ઈસુ ખ્રિસ્તના ઉત્થાન

પછી ચાળીસમા દિવસે તેનું સ્વર્ગારોહણ થયું; તે અગાઉ તેણે વચન આપ્યું હતું. તે મુજબ તેના સ્વર્ગારોહણ પછી દશમા દિવસે શિષ્યો ઉપર પવિત્ર આત્મા ઊતર્યો. જુઓ, પ્રેરિતોનાં કૃત્યો બીજો અધ્યાય ધ્યાનથી વાંચો.

ત્યારે પવિત્ર આત્માના પરાક્રમમાં પીતરે જે જે વાતો કહી તે સાંભળીને લોકોનાં મન વીંધાઈ ગયાં; અને તેઓએ પ્રેરિતોને કહ્યું કે, "ભાઈઓ, અમે શું કરીએ?" ત્યારે પીતરે તેમને આ વાતો સમજાવી કે, 'પસ્તાવો કરો; ઈસુ ખ્રિસ્તને નામે તમારામાંનાં દરેક બાપ્તિસ્મા પામો; અને તમને પવિત્ર આત્માનું દાન મળશે; વળી આ જમાનાના આડા લોકથી બચી જાઓ!' જીવનના પરિવર્તન માટે—નવા જન્મ માટે આ ટૂંકી સલાહ—સૂચન—માર્ગદર્શન બહુ અગત્યનાં છે. માટે તારણની સીડીનાં આ પગથિયાં જોઈએ.

**૧. પસ્તાવો કરો**...પ્રભુ ઈસુ ખ્રિસ્ત પાસે આવવા અને તેના પર વિશ્વાસ કરવા જે આવશ્યક પ્રથમ પગથિયું તે આપણો પસ્તાવો છે. મનુષ્ય માત્ર પાપી તો છે જ; એ પાપની કબૂલાત બહુ જ અનિવાર્ય છે: કારણ, ઈસુ ખ્રિસ્ત દોષ રહિત હતો. તેણે કદી પાપ જાણ્યું નહોતું. એવા નિરંજન પ્રભુ પાસે આપણાં પાપના ડાઘ અને ખરડાયેલાં કીચડ લઈને શી રીતે મેળવાઈએ? માટે જ પોતાનાં પાપની કબૂલાત જરૂરની છે. "હે દેવ, તારી કૃપા પ્રમાણે મારા પર દયા કર; તારી પુષ્કળ રહેમ પ્રમાણે મારાં ઉલ્લંઘન ભૂંસી નાખ. મારા અન્યાયથી મને પૂરો ધો, અને મારાં પાપથી મને શુદ્ધ કર. કેમ કે મારાં ઉલ્લંઘન હું જાણું છું. અને મારું પાપ નિત્ય મારી આગળ છે. તારી, હા, તારી જ વિરૂદ્ધ મેં પાપ કર્યું છે, અને જે તારી દૃષ્ટિમાં ભૂંડું છે તે મેં કર્યું છે... ઝૂફાથી મને ધોજે એટલે હું શુદ્ધ થઇશ; મને નવડાવ, તો હું હિમ

કરતાં ધોળો થઈશ...હે ઈશ્વર મારામાં શુદ્ધ હૃદય ઉત્પન્ન કર; અને મારા આત્માને નવો અને દૃઢ કર...તારા તારણનો હર્ષ મને પાછો આપ." (ગીત. ૫૧ : ૧-૧૨)

દાઉદ રાજાનો ઉપરોક્ત પસ્તાવો કેવો સ્પષ્ટ છે! તે પોતાનું મન કેવું ખુલ્લું કરે છે! તેનું સમર્પણ કેવું નિખાલસ છે! ત્યારે જ તે રાજા તો રહ્યો જ, કશું ખોવું પડયું નહિ; બલકે તે ઈશ્વરનો અનોખો ભક્ત બન્યો. કેવું અદ્દભુત જીવન રૂપાંતર!

પસ્તાવો—પશ્ચાતાપ, એટલે ભૂલની કબૂલાત અને તેનાથી અવળા ફરી જવું. લશ્કરમાં સૈનિકોને '**About turn**'—ઘૂમ જાવ, એવો જે હુકમ આપવામાં આવે છે; એ જ અર્થ અહીં પણ છે. પાપનો પસ્તાવો એટલે માત્ર દુઃખી થવું એટલું જ નહિ પણ એ દુઃખ સાથે, કરેલી ભૂલોથી પાછા ફરી જવાનો-તે સર્વનો ત્યાગ કરી દેવાનો મનસૂબો-એકરાર કરવો એ છે.

પસ્તાવાના બે પાસાં છે. પોતે કરેલી ભૂલો-પાપની દુઃખી મને કબૂલાત કરવી અને એવી ભૂલો-પાપનું પુનરાવર્તન નહિ કરવાની કબૂલાત અને નિશ્ચય કરવો. હવે આ માટે પ્રભુ ઈસુ પાસે આવવાની જરૂર છે; કેમ કે પાપ માફ કરવાનો અધિકાર તેનો એકલાનો જ છે. વળી આપણે તો ભૂલને પાત્ર અને કમજોર છીએ; માટે ઈશ્વરના સામર્થ્યનો સ્વીકાર પણ તેની જ પાસે કરવાની આવશ્યકતા છે. એ જ આપણને શુદ્ધ કરી નવાં વસ્ત્ર પહેરાવે છે. નવું બળ-નવું જીવન તે જ આપી શકે છે.

ટૂંકાણમાં, દાખલા આપું કે, ઈસુ ખ્રિસ્તના બે શિષ્યો, પીતર અને યહૂદા...તેઓ બન્નેએ ભૂલ કરી. પીતરે ઈસુ ખ્રિસ્તનો ધરાર નકાર કર્યો. બીક અને ડરથી હારી ગયો. તેણે ઈસુને શાપ

દીધા...યહૂદાએ વિશ્વાસઘાત કરીને, દ્રવ્યલોભ ખાતર પોતાના ગુરુને વેચી દીધો...

પીતરને પોતાની ભૂલ–પાપ યાદ આવ્યાં. તેણે પસ્તાવો કર્યો. બહુ જ રડયો. ભૂલની કબૂલાત કરી. પ્રભુ ઈસુને પોતાનું જીવન પાછું અર્પણ કર્યું. તેની ભૂલ માફ થઈ. તે ફરી પાછો પ્રભુ ઈસુમાં સંસ્થાપતિ થયો. પ્રભુનો મહાન સેવક–સંત બન્યો.

જ્યારે, યહૂદા પોતાની ભૂલથી દુ:ખી થયો. તે બહુ જ આકુળવ્યાકુળ થયો. જે રૂપિયા તેણે પોતાના ગુરુ કરતાં પણ વધારે વહાલા ગણેલા તે રૂપિયા તેણે યાજકો આગળ પાછા ફેંકી દીધા. કલ્પાંત કરીને કહ્યું કે, "નિરપરાધી લોહી પરસ્વાધીન કર્યાથી મેં પાપ કર્યું છે." (માત્થી ૨૭ : ૩,૫)

મિત્રો, પાપ માત્ર દુ:ખ પેદા કરે છે; કારણ કે પાપનો ડંખ બહુ ઝેરી છે. પાપ કરનારને તે ચેન પડવા દેતું નથી. દુ:ખી કરે જ છે. પશ્ચાતાપનો બીજો અર્થ થાય છે કે 'પાછળનો તાપ.' એમ જ યહૂદાને પોતાની ભૂલ માટે પાછળનો તાપ થયો. દુ:ખી થયો. પરંતુ માફી માટે તે પ્રભુ ઈસુ પાસે આવ્યો નહિ, તે દુ:ખમાં ડૂબીને માર્ગ ભૂલ્યો; તેણે ગળે ફાંસો ખાધો. સાર્વકાલિક નાશમાં ગયો.

પશ્ચાતાપ કરીએ પણ જો પ્રભુ ઈસુ જે એકલો જ મુક્તિદાતા છે તેની પાસે ન આવીએ તો પસ્તાવો અધૂરો જ રહે છે. પાપ કાયમ જ રહે છે.

"હા, પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઊતર્યું છે.

પાપી તેમાં ડૂબકી દઈને પુણ્યશાળી બને છે."

## ૨. ઈસુ ખ્રિસ્તને નામે બાપ્તિસ્મા પામો

પસ્તાવા પછી આધીનતા એ બીજું પગથિયું છે. પ્રભુ ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કર્યાથી અને પસ્તાવા દ્વારા તેની પાસે આવ્યા પછી તેની આધીનતા સ્વીકારવી એ પણ એટલી જ જરૂરની બાબત છે. આધીનતા ન સ્વીકારાય ત્યાં સુધી શરણું લીધું ગણાય નહિ. પ્રભુ ઈસુનો સ્વીકાર ત્યારે જ કર્યો ગણાય કે આપણે તેને આધીન થઈએ. તેના નામથી બાપ્તિસ્મા લઈએ. કોઈપણ પ્રકારનું શરણું સ્વીકારવા માટે કોઈ ને કોઈ પ્રકારના વિધિ કે રીત હોય છે. એ જાહેરની કબૂલાત છે. ઘણાંઓની સમક્ષ કરેલા સોગંદવિધિ કે રીત-રસમ, એ જે તે માનવીને ફરજ પાડનાર એ પ્રમાણપત્ર છે. માર્ગ ભ્રષ્ટ થતાં પહેલાની એ લાલ બત્તી સમાન બને છે. (૨ તીમોથી ૨ : ૨)

પ્રભુ ઈસુનો સ્વીકાર કર્યા પછી જાહેરમાં ઘણાંઓની સમક્ષ તેના નામથી બાપ્તિસ્મા લેવું એ એટલું જ આવશ્યક છે. કારણ કે એમ કરવાથી "જેટલા ખ્રિસ્તમાં બાપ્તિસ્મા પામ્યા તેટલાએ ખ્રિસ્તને પહેરી લીધો." (ગલાતી ૩ : ૨૭) જેથી ખ્રિસ્ત દ્વારા "જે નવું માણસપણું તેના ઉત્પન કરનારની પ્રતિમા પ્રમાણે તેનાં જ્ઞાનને અર્થે નવું કરાતું જાય છે, તે તમે પહેર્યું છે." (કોલોસી ૩ : ૧૦) અને ત્યાર પછી માનવી માત્રની કોઈ નાત-જાત, દેશી-વિદેશી, કે રંગભેદ, રીત-રિવાજ કે સમજણમાં ભેદ રહેતાં નથી. પણ સર્વ એક જ પ્રભુનાં વારસ બને છે. (ગલાતી ૩ : ૨૮,૨૯)

હવે તમે ખ્રિસ્ત ઈસુનાં છો અને ખ્રિસ્ત ઈસુ તમારો છે... હાલેલુયાહ.

## ૩. પવિત્ર આત્માનું દાન..

પસ્તાવો કરનાર અને ઈસુ ખ્રિસ્તના નામે બાપ્તિસ્મા લેનારને

પવિત્ર આત્માનું દાન અપાય છે. આ દાન કોઇ વ્યક્તિ અગર સંસ્થા તરફથી અપાતું નથી. એ તો ઉપરથી અપાતું દેવનું દાન છે.

માંદગીના બિછાના પરથી ઊઠયા પછી માણસને સારા અને પૌષ્ટિક ખોરાકની–વિટામિનની જરૂર રહે છે. જેથી તેનામાં શક્તિ આવે. નવા જન્મેલા બાળકને જન્મ આપનાર માના દૂધની જ જરૂર છે. જનેતા માનું દૂધ એ જ યોગ્ય અને શક્તિદાયક ખોરાક છે. એ જ ગળથૂથીમાંથી જીવન પાંગરે છે.

પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં નવો જન્મ પામનાર–નવા જન્મેલા બાળકને એ જ ખ્રિસ્તના આત્માથી પોષણ મળવું જોઇએ. એની શક્તિનો ખોરાક એ જ હોઈ શકે, બીજો નહિ.

"હું તમને વિનંતી કરીશ, ને તે તમને બીજો સંબોધક તમારી પાસે સદા રહેવાને માટે આપશે; એટલે સત્યનો આત્મા, જેને જગત પામી શકતું નથી તે; કેમ કે તેને તે જોતું નતી, અને તેને ઓળખતું નથી; [પણ] તમે તેને ઓળખો છો, કેમ કે તે તમારી સાથે રહે છે, અને તમારામાં વાસો કરશે." (યોહાન ૧૪:૧૬–૧૭) "તે તમને બધું શીખવશે, અને મેં જે જે તમને કહ્યું તે બધું તે તમારા સ્મરણમાં લાવશે" (૧૪:૨૬)

"સત્યનો આત્મા, તે જ્યારે આવશે, ત્યારે તે તમને સર્વ સત્યમાં દોરી જશે...જે કંઈ તે સાંભળશે તે જ બોલશે; અને જે જે થનાર છે, તે તમને કહી દેખાડશે." (૧૪:૧૩)

"તમે મને પસંદ કર્યો નથી, પણ મેં તમને પસંદ કર્યા છે; અને તમને નીમ્યા છે, કે તમે જઈને ફળ આપો, અને તમારાં ફળ કાયમ રહે. જેથી તમે મારે નામે જે કંઈ બાપની પાસે માગો તે તમને તે આપે" (૧૫:૧૬)

પવિત્ર આત્મા, ઈસુ ખ્રિસ્તને મહિમાવાન કરે છે. (યોહાન ૧૬ : ૧૪)

ખ્રિસ્તી જીવનને બળ આપનાર છે. (રૂમી ૮:૨૪; ગલાતી ૫:૧૬)

આત્મિક પરાક્રમ અને જીવન રૂપાંતર માટે છે. (લૂક ૨૪:૪૯)

નિર્બળતામાં સહાય આપનાર છે. (રૂમી. ૮:૨૬)

સાચું ખ્રિસ્તી જીવન જીવાડે છે. (ગલાતી ૫:૨૨–૨૩)

પ્રાર્થના શીખવનાર અને પ્રેરનાર છે. (એફેસી ૬ : ૧૮; રૂમી. ૮ : ૨૮)

દેવની સમક્ષતામાં રાખે છે. (એફેસી ૨ : ૧૮)

જીવનનું પવિત્રીકરણ કરનાર છે. (૨ થેસ્સા. ૨ : ૧૩)

દિલાસો આપનાર છે. (પ્રેરિતોનાં કૃત્યો ૯ : ૨૧)

પુત્રપણાની એ આપણી સાબિતી છે. (ગલાતી ૪ : ૬)

કેવું અદ્ભુત અને અવાચ્ય દાન આ છે! કેવું બળ અને સામર્થ્ય છે!! સીડીનું આ ત્રીજું પગથિયું અડગ છે. તે મક્કમતા–સ્થિરતા આપે છે.

**૪. આડા લોકથી બચી જાઓ.**

આ ચોથું પગથિયું તે પરહેજ અને ત્યાગનું છે. નવા અને રૂપાંતર પામેલા જીવનમાં ઘણી બાબતોનો ત્યાગ કરવાનો રહે છે.

નાનાં ભુલકાં, ધૂળમાં રમેલાં–ખરડાએલાં, શરીર અને કપડાં મેલાં કરેલાં એવાં; પણ જ્યારે તેમને નવડાવી–પફપાવડર લગાવી નવાં વસ્ત્ર પહેરાવાય, ત્યારે તેઓ જઈને ધૂળમાં બેસતાં નથી જ. તેમને પોતાની સ્વચ્છતાનું ભાન છે.

નવવધૂ જ્યારે પોતાના પતિના ઘેર આવે છે, નવું ઘર અને નવા વ્યવહારમાં આવે છે, ત્યારે તેને પોતાની જૂની આદતો–રીત, ટેવ એ બધાં મૂકી દેવાં પડે છે. જૂના મિત્રો ભૂલી જવા પડે છે,

પતિના ઘરના રીતરિવાજ અને કુટુંબીઓને અનુરૂપ બનવું પડે છે. એ તેના લાભમાં છે.

અહીં સંત પીતર એ જ સ્પષ્ટ બતાવે છે. ખ્રિસ્ત ઇસુમાં મેળવાયા પછી, નવા જીવનમાં ફળીભૂત થવા, જૂના માણસપણાને તથા જૂના જગતના મિત્રો, જગતની જૂની-જૂઠી રીતો-રિવાજો અને વ્યવહાર એ સર્વનો ત્યાગ કરવો, એ સર્વથી પરહેજ રહેવું, એ જ નવા જીવન માટે હિતાવહ અને યોગ્ય છે.

દાઉદ રાજાના જીવન બદલાણ પછી તે તરત ગીત લખતાં અને ગાતાં કહે છે કે, "જે માણસ દુષ્ટોની સલાહ પ્રમાણે ચાલતો નથી. જે પાપીઓના માર્ગમાં ઊભો રહેતો નથી, અને જે નિંદાખોરોની સાથે બેસતો નથી, તેને ધન્ય છે!" ( ગીત ૧ : ૧ ) વળી સંત પાઉલ બહુ સ્પષ્ટ સલાહ આપે છે કે " અવિશ્વાસીઓની સાથે અઘટિત સંબંધ ન રાખો; કેમ કે ન્યાયીપણાને અન્યાયીપણા સાથે સોબત કેમ હોય?... ખ્રિસ્તને બેલ્યાલની સાથે શો મિલાપ હોય? કે વિશ્વાસીને અવિશ્વાસીની સાથે શો ભાગ હોય? ઈશ્વરના મંદિરને મૂર્તિઓની સાથે શો મેળ હોય?"

કેમ કે જેમ ઈશ્વરે કહ્યું છે કે હું તેઓમાં રહીશ તથા તેઓની સાથે ચાલીશ; હું તેઓનો ઈશ્વર થઈશ, અને તેઓ મારા લોક થશે, એમ આપણે જીવતા ઈશ્વરનું મંદિર છીએ. માટે તમે તેઓમાંથી નીકળી આવો, અને અલગ થાઓ, એમ પ્રભુ કહે છે, મલિન વસ્તુને અડકો મા; એટલે હું તમારો અંગીકાર કરીશ. હું તમારો પિતા થઈશ, અને તમે મારાં દીકરા દીકરીઓ થશો. એમ સર્વશક્તિમાન પ્રભુ કહે છે. ( ૨ કોરીંથી. ૬ : ૧૪,૧૮ )

"તમે ઈશ્વરનું મંદિર છો, અને તમારામાં ઈશ્વરનો આત્મા વસે છે, એ શું તમે જાણતા નથી? જો કોઈ ઈશ્વરનાં મંદિરનો

નાશ કરે, તો ઈશ્વર તેનો નાશ કરશે, કેમ કે ઈશ્વરનું મંદિર પવિત્ર છે, અને તે [મંદિર] તમે છો. (૧ કોરીંથી ૩ : ૧૬–૧૭)

"ભૂલશો મા, દુષ્ટ સોબત સદાચરણને બગાડે છે." (૧ કોરીંથી ૧૫ : ૩૩) "મરેલી માખીઓ, ગાંધીના અત્તરને દુર્ગંધ મારતું કરી નાખે છે; તેવી જ રીતે થોડી મૂર્ખાઈ બુદ્ધિ તથા માનને ડૂબાવી દે છે. (સભા. ૧૦ : ૧) એટલા માટે "તમારામાંનો દરેક ઈશ્વરને જાણનાર વિદેશીઓની પેઠે, વિષયવાસનામાં નહિ, પણ પવિત્રતામાં તથા માનમાં પોતાનું પાત્ર રાખી જાણે." (૧ થેસા. ૪ : ૪–૫) કેમ કે તમારું પાત્ર ઉત્તમ કાર્યો સારુ સ્વામીને ઉપયોગી છે.

ઉપર મુજબના ખ્રિસ્તી જીવનનાં ચાર પગથિયાં જે તમારે અંગત રીતે પોતાને જ ચઢવાનાં હતાં તે પૂરાં થયાં છે. તમે હવે ચોક્કસ સ્થાને આવી ચૂકયાં છો...ધન્યવાદ. આ જગાએ બીજાં ઘણાં જીવનો તમારો આવકાર કરે છે.

આગળ વધતા સંત પીતર બીજાં ચાર પગથિયાં બતાવે છે. આ ચાર પગથિયાં સૌની સાથે રહીને સમૂહમાં ચઢવાનાં છે. હવે તમે ઈશ્વરના દીકરા–દીકરીઓ બનીને મોટા સમુદાયમાં જોડાયાં છો. અહીં સર્વ, પ્રેરિતોના બોધમાં–સંગતમાં–રોટલી ભાંગવામાં તથા પ્રાર્થનામાં દઢતાથી લાગુ રહ્યાં......

**૧ 'પ્રેરિતોના બોધ'માં**......ઈશ્વરના પસંદ કરાયેલા--નિમાયેલા એવા તેના પ્રેરિતો, પ્રબોધકો, ઉપદેશકો સુવાર્તિકો, અને જેઓ ઈશ્વરનાં વચનોના સેવકો છે, તેમના બોધમાં, શિક્ષણમાં અને ઈશ્વરના જ્ઞાનમાં વધતાં રહ્યાં.

ઈશ્વરના દીકરા–દીકરીઓ બન્યાં. તો બાપ વિષેનું સંપૂર્ણ જ્ઞાન પણ હોવું જ જોઈએ. દીકરો બાપને ઓળખે–જાણે નહિ તો જરૂર તેમની વચ્ચે કોઈ આડી ભીંત નડતર છે; એમ સ્પષ્ટ મનાય.

પોતાના સંબંધી વિષેની બધી જાણકારી ન હોય, તો સંબંધ શા કામનો ? મિત્ર, ઈશ્વરનાં વચન અને જ્ઞાન એ તો જીવનની રોટલી છે. જીવતું પાણી છે. એ આપણો પ્રકાશ અને માર્ગદર્શક છે. એ જ આપણો રસ્તો, સત્ય અને જીવન છે. તેનાથી આપણે અજ્ઞાન કેમ રહી શકીએ. "મારા લોકો જ્ઞાનને અભાવે નાશ પામે છે." (હોશીઆ ૪ : ૬) એટલા માટે દેવનો સેવક આમોસ ચેતાવે છે કે "હું દેશમાં દુકાળ મોકલીશ, અન્નનો દુકાળ નહિ, કે પાણીનો નહિ, પણ યહોવાહનાં વચન સાંભળવાનો [દુકાળ મોકલીશ.] તેઓ સમુદ્રથી સમુદ્ર સુધી, અને ઉત્તરથી તે છેક પૂર્વ સુધી ભટકશે; યહોવાહનું વચન શોધવાને તેઓ અહીંથી તહીં દોડાદોડી કરશે, પણ તે તેઓને મળશે નહિ. તે દિવસે સુંદર કુમારિકાઓ તથા જુવાનો તૃષાથી મૂર્છા પામશે;...તેઓ તો પડશે અને કદી પાછા ઊઠશે નહિ. (આમોસ ૮ : ૧૧–૧૪)

**૨. 'સંગત'માં**...સંગતમાં-સમૂહમાં-સમાજમાં દરેક સાથેના ઐકયમાં રહેવું એ જીવનમાં બહુ જરૂરતું અને લાભદાયક છે. સંગત–સંપ એ તો જીવનમાં મોટામાં મોટી હૂંફ–ટેકો અને હિંમત છે. માટે દાઉદ ભક્ત કહે છે કે, "ભાઈઓ સંપસંપીને રહે, તે કેવું સારું તથા શોભાયમાન છે." તે માથે ચોળેલા તેલ જેવું...હેર્મોન પર્વત પરનાં...ઝાકળ જેવું છે." (ગીત ૧૩૩)

"શાંતિના બંધનમાં આત્માનું ઐકય રાખવાને યત્ન કરો... ત્યાં સુધી કે આપણે સહુ ઈશ્વરના દીકરા પરના વિશ્વાસથી તથા તેના જ્ઞાનથી જે ઐકય થાય છે તે પ્રાપ્ત કરીએ; અને એમ પ્રૌઢ પુરુષત્વમાં એટલે ખ્રિસ્તની સંપૂર્ણતાની પાયરીએ પહોંચીએ." (એફેસી ૪ : ૩, ૧૩)

**૩. 'રોટલી ભાંગવા'માં**— ઈસુ ખ્રિસ્તે, માનવી માત્રનાં પાપની ખંડણી ભરી આપવા માટે પોતાનું લોહી વહેવડાવ્યું. તે

મરાયો એમાં જ માનવીનાં પાપની માફી હતી. ઈસુ ખ્રિસ્તમાં વિશ્વાસ કરનાર દરેક વ્યક્તિ માટે એ લાભદાયક છે કે તે આ ઉપકારને ભૂલી ન જાય. આ યાદગીરીનો સંસ્કાર છે. તેને 'પ્રભુ-ભોજન' કહેવાય છે. પ્રભુ ઈસુએ પોતે એ સંસ્કાર પાળવાને શિષ્યોને ફરમાન આપ્યું હતું. ઈસુ ખ્રિસ્તના મરણની યાદગીરી સંજ્ઞારૂપે અહીં દર્શાવી છે. બેખમીર રોટલી તે ઈસુનું શરીર અને દ્રાક્ષારસ તે તેના લોહીના પ્રતીકરૂપી લેવાયાં છે. ઈસુ ખ્રિસ્તના મરણની આ યાદગીરી પ્રત્યેક વિશ્વાસ કરનારને યાદી તાજી કરાવે છે કે, ઈસુ ખ્રિસ્ત તે મારાં પાપ માટે મરાયો હતો. યાદગીરી એ જાગૃતિ દર્શાવે છે. "મારી યાદગીરીને સારુ એ કરો." (૧ કોરીંથી. ૧૧ : ૨૪) જગતભરનાં ખ્રિસ્તીઓ, દેશપરદેશના, જુદી જુદી ભાષાનાં, જુદા રંગના, તેઓ સર્વ આ યાદગીરીના સંસ્કાર દ્વારા ઈસુ ખ્રિસ્તના પ્રેમના બંધનના ઐક્યમાં જોડાયેલાં રહે છે.

૪. **'પ્રાર્થના'માં**— ખ્રિસ્તી જીવનમાં પ્રાર્થનાનું અતિ મોટું મહત્ત્વ છે. પોતાના આરાધ્ય ઈશ્વરની આરાધના-ભક્તિ વગરનું જીવન પાંગળું-અપંગ બને છે. પ્રાર્થના એટલે દેવ સાથેનો મેળાપ-વાર્તાલાપ. "એ માટે, દયા પામવાને, તથા અગત્યના પ્રસંગે સહાયને સારુ કૃપા પ્રાપ્ત કરવાને, આપણે હિંમતથી દેવના કૃપાસન પાસે આવીએ." (હેબ્રી. ૪ : ૧૬). આ માટે આપણે વ્યક્તિગત રીતે ઈશ્વરની પાસે આવી શકીએ. કૌટુંબિક રીતે પણ ઈશ્વર આગળ આપણી ધૂપવેદી પ્રાર્થનાઓ લાવવાની ખૂબ જરૂર છે. કુટુંબમાં પ્રાર્થનાની વેદી સળગતી રાખવાથી કુટુંબની પ્રત્યેક વ્યક્તિને તેની હૂંફ અને તાજગી મળે છે. કુટુંબનું ઐક્ય અને સંપ જળવાય રહે છે.

આ ઉપરાંત મંડળીના સમૂહભજન ભક્તિના ભાગીદાર બનવું એ પણ એટલું જ અગત્યનું છે. કેમ કે મંડળી-સમાજ એ ઘણાં કુટુંબોનું એક મોટું કુટુંબ છે.

જૂના કરારમાં ગણનાના પુસ્તકના અઠ્ઠાવીસમા અધ્યાયમાં આ ક્રમ અપાયો છે. દરરોજ બે યજ્ઞો દેવને ચઢાવવા; એક સવારે અને એક સાંજે. વળી દર વિશ્રામવારે રોજના યજ્ઞો ઉપરાંત વધારેના યજ્ઞ તરીકે તારું અર્પણ ચઢાવવું. આ આપણી પ્રાર્થના—આરાધનાના ક્રમ બતાવાયા છે. એ ફરજ બતાવી છે. વળી નિર્ગમન ૩૦મા અધ્યાયમાં પણ આ જ વાતનું રટણ કરવામાં આવ્યું છે. અહીં ધૂપ બાળવાનું લખાયું છે, તે પણ આપણી પ્રાર્થના અને આરાધના જ છે.

"કશાની ચિંતા ન કરો; પણ દરેક બાબતમાં પ્રાર્થના તથા વિનંતીઓ વડે ઉપકારસ્તુતિ સહિત તમારી અરજો ઈશ્વરને જણાવો; અને ઈશ્વરની શાંતિ જે સર્વ સમજશક્તિની બહાર છે, તે ખ્રિસ્ત ઈસુમાં તમારાં હૃદયોની તથા મનોની સંભાળ રાખશે." (ફિલિપી ૪ : ૬-૭) પ્રભુની સ્તુતિ થાઓ; તેને માન-મહિમા ગૌરવ સર્વકાળ સુધી હોજો. આમીન અને આમીન. ઉપરોક્ત સામૂહિક પ્રબંધો કેટલા બધા આશીર્વાદિત છે ? તેનાથી દૂર રહેનારાં અશક્ત અને પાંગળા રહે છે. "માટે દુષ્ટ અંતઃકરણથી છૂટવા સારુ આપણાં હૃદયો પર છંટકાવ પામીને, નિર્મળ પાણીથી શરીરને ધોઈને, આપણે શુદ્ધ હૃદયથી અને પૂરેપૂરા નિશ્ચયથી વિશ્વાસ રાખીને [ ઈશ્વરની ] સન્નિધ જઈએ. આપણે આપણી આશાની કબૂલાત દૃઢ પકડી રાખીએ; કેમ કે જેણે વચન આપ્યું તે વિશ્વાસ યોગ્ય છે; અને પ્રેમ રાખવાને તથા સારાં કામ કરવા અરસપરસ ઉત્તેજન મળે માટે આપણે એકબીજાનો વિચાર

કરીએ. જેમ કેટલાએક કરે છે તેમ આપણે એકઠા મળવાનું પડતું ન મૂકીએ, પણ [આપણે એકબીજાને] ઉત્તેજન આપીએ; અને જેમ જેમ તમે તે દહાડો (પ્રભુ ઈસુના પુનરાગમનનો) પાસે આવતો જુઓ તેમ તેમ વિશેષ પ્રયત્ન કરો. (હેબ્રી. ૧૦:૨૨–૨૫)

"તેઓને જીવન મળે, અને તે પુષ્કળ મળે, માટે હું આવ્યો છું. "(યોહાન ૧૦ : ૧૦)" અને જુઓ, જગતના અંત સુધી હું સર્વકાળ તમારી સાથે છું." (માત્થી ૨૮ : ૨૦)

પ્રભુની સ્તુતિ થાઓ કે તમે અંગત જીવનનાં ચાર પગથિયાં અને સામૂહિક જીવનનાં ચાર પગથિયાં ચઢીને 'ઉપલી મેડી' પર આવ્યાં છો. અહીં પ્રભુ ઈસુની સંગત અને સઘળાં પવિત્રો અને દેવના સેવકો સંતોનો મેળાપ છે.

આ યાકૂબના દર્શનની સીડી છે. (ઉત્પત્તિ ૨૮: ૧૦–૧૨) જે પૃથ્વી પરથી આકાશની ટોચે પહોંચેલી છે. જેના પર ઈશ્વરના દૂતો ચઢતા અને ઊતરતા દેખાય છે. ટોચે પ્રભુ દેવ પોતે છે, જે તમારા માટે આશીર્વાદ લઈને ઊભો છે. "તમારે નવો જન્મ પામવો જોઈએ" એથી આશ્ચર્ય પામતો ના. એ તો જૂના જીવનનું નવું રૂપાંતર છે.

હવે શાંતિનો ઈશ્વર પોતે તમને પૂરા પવિત્ર કરો; અને આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તના ફરી આવતાં સુધી તમારા આત્મા, પ્રાણ તથા શરીર સંપૂર્ણ [તથા] નિર્દોષ રાખવામાં આવો. જે તમને આમંત્રણ આપે છે તે વિશ્વાસનીય છે, તે એમ કરશે. આમીન ......આમીન.

# પ્રકરણ–૪

## તારણનું મહત્ત્વ અને ગૌરવ

અગાઉની હકીકતો દ્વારા એ બહુ સ્પષ્ટ થાય છે કે એકલા ઈસુ ખ્રિસ્તથી જ તારણ મળે છે. એ જ એકલો તારણનો રસ્તો છે. તારણનું સત્ય તેનામાં જ અને તેના દ્વારા જ પ્રગટ કરાયું છે. નવા જીવનની પ્રત્યક્ષતા, ઈસુ ખ્રિસ્તને ગ્રહણ કરવાથી જ પ્રાપ્ત થાય છે.

"...ઈસુ ખ્રિસ્ત નાઝારી, જેને તમે વધસ્તંભ પર મારી નાખ્યો, અને જેને દેવે મૂએલાંમાંથી ઉઠાડયો...તે ખૂણાનો મુખ્ય પથ્થર થયો છે. બીજા કોઈથી તારણ નથી; કેમ કે જેથી આપણું તારણ થાય એવું બીજું કોઈ નામ આકાશ તળે માણસોમાં આપેલું નથી." (પ્રે. કૃ. ૪ : ૧૦–૧૨)

"ધન્ય છે પ્રભુને કે જે રોજ આપણા બોજ ઊંચકી લે છે; તે આપણા તારણનો દેવ છે." (ગીત. ૬૮ : ૧૯)

આવો, પ્રભુ જેને આપણા પર દયા આવે અને આપણા સર્વ બોજા જે શરીર–પ્રાણ અને આત્માના તે પોતા પર ઊંચકી લઈને આપણને બોજાથી મુક્ત કરે, તેવા પ્રભુથી વેગળાં કેમ રહી શકીએ ? વળી "જો કોઈ માણસ આખું જગત મેળવે, પણ પોતાનો આત્મા ખોવે અથવા તેની હાનિ પામે તો તેને શો લાભ ? (માર્ક ૮ : ૩૬)

માટે દેવ તરફથી મળતું તારણ જે અનાદ્યન્ત આનંદના સ્વર્ગમાં લઈ જાય છે તે વિષે આપણે ગાફેલ રહી શકીએ નહિ. "તેથી જે વાતો આપણા સાંભળવામાં આવી, તે પર આપણે વધારે

કાળજીપૂર્વક લક્ષ રાખવું જોઇએ, રખેને આપણે [તેનાથી દૂર] ખેંચાઈ જઈએ...તો આપણે આવા મહાન તારણ વિષે બેદરકાર રહીએ તો શી રીતે બચીશું ? (હેબ્રી. ૨ : ૧–૩) વળી આ તારણ-મોક્ષ બાબતે દુર્લક્ષ કરવાથી–ગાફેલ બનવાથી આવતાં પરિણામો વિષે કદી વિચાર કર્યો છે ? તો જુઓ, આવી બેદરકારી...

સૌ પ્રથમ તે હૃદયને ભ્રષ્ટ અને મનને મેલું બનાવે છે. અને તે જ તમારા અહિતનું કારણ બને છે. (તીતસ ૧ : ૧૫)

તમારી સાથે તમારું આખુ કુટુંબ નિંદાય છે. (૧ શમુ. ૪ : ૨૧) પાપ કરનાર, ઈશ્વરથી દૂર અને વેગળો રહે છે. (ઉત્પત્તિ ૩ : ૧૦ ; માર્ક ૫ : ૧૭)

પાપ ડંખે છે, તે ગભરાવે છે, બેચેન કરે છે. (ગીત ૫૧:૩) પાપ તમને પકડી પાડશે.–ઉઘાડાં પાડશે. (ગણના ૩૨:૧–૩) પાપ સર્વ માંદગી–મુસીબતો અને મરણ લાવે છે. (ગીત ૫૧:૮; ૩૨:૩)

સર્વકાળના નાશમાં, જ્યાં રડવું તથા દાંત પીસવું થશે તેવા નર્કના ઊંડા ખાડામાં લઈ જાય છે. ( માત્થી ૨૫ : ૩૦)

શું આવી ભયાનકતાનાં પરિણામોથી બચવા માગો છો ?

તો આવો, પ્રભુ ઈસુ તમને બોલાવે છે, તે તમારા તારણમાં જ રાજી છે. તે તમને ચાહે છે. તે અત્યાર સુધી તમારે માટે ધીરજ રાખી રહ્યો છે. તે લાંબી નજરે તમારી જ વાટ જોઈ રહ્યો છે. ( લૂક ૧૫:૨૦ ) ઉડાઉ દીકરાની આખી વાત શાંતિ અને ધીરજથી વાંચો. પ્રભુનો પ્રેમ અને પાપીની દશાનું હૂબહૂ હૃદયભેદક ચિત્ર તમે જોઈ શકશો. ( લૂક ૧૫:૧૧–૩૨ ) તે તમને પ્રેરણારૂપ બનશે.

હવે બીજી દિશા તરફ પણ તમારું ધ્યાન અને નજર ફેરવવા મારી ઇચ્છા છે. તારણ પામવાનો–પ્રાપ્ત કરવાનો આનંદ કેટલો

બધે મોટો છે. તેથી તો દાઉદ આ ઈસ્રાએલનો રાજા હતો. શૂરવીર અને પરાક્રમી હતો. વૈભવ અને પ્રતાપ તેની પાસે હતાં. મનગમતી રાણીઓનાં સુખ હતાં. પણ પાપ તેને ડંખતું હતું. તેથી પસ્તાવો કરીને તે તારણનો હર્ષ–આનંદ ઝંખે છે, ને વીનવે છે. (ગીત. ૫૧:૧૦,૧૨)

તમારું તારણ–મોક્ષ એ તમારું જ અંગત છે. એ તારણ તમારા જ જીવનનું કલ્યાણ કરનાર છે. તમારાં જ પાપ માફ થાય છે. તમને જ શાંતિ પ્રાપ્ત થાય છે. તેમ છતાં તે ઘણાના આનંદનું કારણ બને છે. શું એ તમે વિચાર્યું છે? તમે જાણો છો?

તમારા તારણમાં ઈશ્વર પોતે આનંદ કરે છે; "તારો દેવ, યહોવાહ તારામાં છે, તે સમર્થ તારક છે; તે તારે માટે બહુ હરખાશે. તે [ તારા પરની ] પ્રીતિમાં શાંત રહેશે, તે ગાતાં ગાતાં તારે માટે હર્ષ કરશે." (સફા. ૩ : ૧) ઉત્તમ ઘેટાંપાળક–પ્રભુ ઈસુ ખ્રિસ્ત તમારા તારણ માટે આનંદ કરે છે. (લૂક ૧૫ : ૬) આકાશમાં ઈશ્વરના સંતો આનંદ કરે છે. (લૂક ૧૫ : ૭) આકાશના દેવદૂતો આનંદોત્સવ માણે છે. (લૂક ૧૫ : ૧૦) પૃથ્વી પર, કુટુંબના સર્વ સગાંવહાલાં આનંદ કરે છે. (હેબ્રી. ૧૨ : ૨૩) આડોશીપાડોશી અને મિત્રમંડળમાં આનંદ થાય છે. (લૂક ૧૫ : ૯) સમાજ–મંડળી તે પણ હરખાય છે. (પ્રે. કૃ. ૧૫ : ૩) પસ્તાવો કરીને તારણમાં આવનાર પોતે પણ આનંદ કરે છે. (લૂક ૧૫ : ૨૪)

જુઓ, આનંદ અને દુઃખનાં બન્ને પાસાં તમારી આગળ છે, તમે કયું પાસું પસંદ કરશો? સ્વાભાવિક જ દુઃખ તો કોઈને ગમતું નથી જ.

"જો, મેં આજ તારી આગળ જીવન તથા ભલું, અને મરણ તથા ભૂંડું મૂક્યાં છે;...માટે જીવન પસંદ કર, કે તું તથા

તારાં સંતાન જીવતાં રહે. યહોવાહ તારા દેવ પર પ્રીતિ રાખવાનું, તેની વાણી સાંભળવાનું, અને તેને વળગી રહેવાનું [પસંદ કર]; કેમ કે તે તારું જીવન તથા તારા આયુષ્યની વૃદ્ધિ છે." (પુન ૩૦:૧૫-૨૦)

તારણ પામવામાં તમારો કેટલો બધો લાભ છે! તમારે માટે ખ્રિસ્ત ઈસુમાં કેટલા બધા આશીર્વાદો રાખી મૂકેલા છે તે શું તમે જાણો છો?... કેવાં વસ્ત્ર પહેરવાથી તમે રૂપાળાં દેખાશો? શું અને કેવું ખાવાથી તમે સશક્ત બનશો? કઈ બેન્ક વધારે વ્યાજ આપશે? કોની સાથે સંબંધો રાખવાથી તમને લાભ થશે? આવા અનેકવિધ સવાલો તમારા મનમાં રાત દિવસ વિચારાતા-ઘોળાતા જ રહે છે. તમારી નજર તમારા લાભ શોધે છે. ત્યારે પ્રભુ ખ્રિસ્ત પાસે તમારે માટે રાખી મૂકેલા આટલા બધા આશીર્વાદો છે, તે બાબતે તમે ગાફેલ કે અજાણ રહો એ મારી ઇચ્છા નથી જ. આવો એ આશીર્વાદો જુઓ, જાણો અને માણો.

- સૌ પ્રથમ ખ્રિસ્ત ઈસુ દ્વારા તમને પાપની માફી મળે છે. (પ્રે. કૃ. ૧૩:૩૮)
- જે સર્વ બાબતો વિષે નિયમ પ્રમાણે તમે દોષિત હતા તે સર્વમાં હવે ઈસુ ખ્રિસ્ત પરના વિશ્વાસથી ન્યાયી ઠરાવાયાં છે. (પ્રે. કૃ. ૧૩:૩૯)
- તે (ઈસુ ખ્રિસ્ત) સર્વ પાપ ભૂંસી નાખે છે અને ભૂલી જાય છે. (યશા. ૩૮ : ૧૭; ગીત ૧૦૩ : ૧૨; હેબ્રી. ૧૦ : ૧૭) પીઠ પાછળ નાખી દીધેલાં પાપ ફરી નજરે આવતાં નથી. તમે ભાગ્યશાળી છો.
- અગાઉ દૂર વેગળાં નાસતાં-સંતાતાં હતા, હવે ઈશ્વરની કૃપામાં ઈસુ ખ્રિસ્ત દ્વારા ગોદમાં લેવાયાં છો. (એફેસી ૧૬ : ૬; લૂક ૧૫ : ૨૦)

- આપણાં સઘળાં પાપનો ભાર ઈસુ ખ્રિસ્તે પોતા પર લઈ તે આપણા વતી પાપરૂપ બન્યો. (૨ કોરીંથી ૫ : ૨૧; યશા. ૫૩ : ૧૨)
- તેના દીકરા-દીકરીઓ થવાનો હક્ક આપ્યો. (યોહાન ૧ : ૧૨)
- તેણે અનહદ પ્રેમ દેખાડીને આપણને છોકરાં ગણ્યાં છે. (૧ યોહાન ૩ : ૧)
- પવિત્ર આત્મા-સત્યનો આત્મા આપણામાં હંમેશાં રહે અને દોરવણી આપે માટે તેણે પ્રબંધ કર્યો છે. (યોહાન ૧૪ : ૧૬; ૧ કોરીંથી ૩ : ૧૬)
- નવું અને નમ્ર હૃદય તેમ જ સ્વભાવનું પરિવર્તન કરે છે. (હઝ. ૩૬ : ૨૬) ખ્રિસ્ત ઈસુનો આત્મા અને સ્વભાવ આપણામાં પેદા થાય છે.
- પાપ પ્રત્યે નફરત પેદા કરાવે છે. (પ્રે. કૃ. ૫ : ૩૧, ૩૨)
- ખ્રિસ્ત પ્રત્યે પ્રેમ વહેવડાવવામાં આવે છે. (૧ યોહાન ૪:૧૯)
- ઈસુ ખ્રિસ્તના નામથી પ્રાર્થના અને વિનંતીઓ કરવાની પ્રેરણા-જિજ્ઞાસા પેદા કરાય છે. (યોહાન ૧૪ : ૧૩)
- ઈસુ ખ્રિસ્ત દ્વારા સર્વ સારાં કામ કરવાની પ્રેરણા અને શક્તિ પ્રાપ્ત થાય છે. (૧ કરંથી ૬ : ૧૫; હેબ્રી ૧૦ : ૨૪)
- ઈસુ ખ્રિસ્તના નામથી મહાન ચમત્કારો કરવાની શક્તિ અને કૃપા પ્રાપ્ત થાય છે. (યોહાન ૧૪ : ૧૨; માર્ક ૧૬ : ૧૭, ૧૮)
- ઈશ્વરનાં અભયદાનો અને વચનોના તમે હક્કદાર બનો છો. (૨ કોરીંથી ૧ : ૨૦)
- ખ્રિસ્ત ઈસુમાં તમને અનંતજીવન પ્રાપ્ત થાય છે. (યોહાન ૬ : ૪૭)

ઉપરોક્ત સઘળા આશીર્વાદ તમારે માટે છે. એ સર્વ પ્રાપ્ત કરવાને ઈશ્વરે તમને તેડ્યા છે. તમને અભિષિક્ત કર્યા છે. તમને મુદ્રાંક્તિ કર્યાં છે. તમને તેણે અઢળક કિંમત ચૂકવીને ખરીદી લીધાં છે. (૨ કોરીંથી ૧ : ૨૧-૨૨)

હવે તમે એક જ ઈશ્વિર જે સર્વમાં સર્વ છે, તેને તમે જાણો છો. તમારાં જ્ઞાનચક્ષુ પ્રકાશિત થયાં છે. તેથી પ્રભુ ઈસુ ખ્રિસ્તના નોતરાની આશા, તેની સત્યતા અને તેના પ્રેમની પરાકાષ્ટા તમારાં સાબિત થઈ છે. તેનો મહિમા અને સંપતિ કેટલાં વિશાળ અને અગાધ છે. તેના અઢળક સ્વર્ગીય ભંડારો ભર્યાપૂર્યા તે તમારે સારુ ખુલ્લા છે. તેની શક્તિનું જે સામર્થ્ય અને મહત્ત્વ તે તમારી સમક્ષ ખુલ્લાં મુકાયાં છે. જુઓ તેની શક્તિ...સિંહોના મોં બંધ કરીને તમારા પગોમાં ગેલ કરતા કરે છે...અગ્નિની બળતી ભઠ્ઠીઓને તે તમારે સારુ ઠંડુંગાર બનાવે છે. (દાનિ ૬ : ૨૨; ૩ : ૨૩-૨૭) વળી કુદરત-સમુદ્ર તથા પવન પણ આણ સ્વીકારે છે. (માત્થી ૮ : ૨૩-૨૭) ભૂતોની સેના તેનો હુકમ માને છે. (માર્ક ૫ : ૧૨-૧૩) મરણ તેના હુકમને આધીન છે. (લૂક ૮ : ૪૧; યોહાન ૧૧ : ૩૮,૪૪)

શેતાનનો, માત્ર ફૂંકથી તે નાશ કરે છે. (૨ થેસા. ૨ : ૮)

ઈસુ ખ્રિસ્ત એ જ એકલો રાજાઓનો રાજા, પ્રભુઓનો પ્રભુ, અને દેવોનો પણ દેવ, એ જ એકલો સર્વોપરી અને સર્વમાં સર્વ છે. એ જ એકલો મુક્તિદાતા-તારણહાર છે. શેતાનને હરાવનાર એ એકલો જ વિજેતા છે. આવો તેને નમીએ અને ભજીએ...

તે તમને વિજેતા બનાવે છે. તે તમારો આવકાર કરવાને રાજ્યાસન પરથી ઊભો થયો છે. (પ્રે. કૃ. ૭ : ૫૫) તે તમારું સન્માન કરે છે. તમને જીતમાળા અને મુગટ પહેરાવવા માગે છે.

અગણિત માનવ મહેરામણ અને દૂતોના સમુદાયની હાજરીમાં તે તમારું સન્માન-સ્વાગત કરે છે.

તે તમને **જીવનનો** મુગટ પહેરાવે છે. (પ્રકટી. ૨ : ૧૦) **ન્યાયીપણાનો** મુગટ તમારા માથે મૂકે છે. ( ૨ તીમોથી ૪ : ૮) **મહિમાના** મુગટથી તમને શોભાવે છે. (૧ પીત્તર ૫ : ૪) **ગૌરવ** અને **માનનો** મુગટ આપે છે. ( ગીત ૮ : ૫) **કૃપા** તથા **રહેમનો** મુગટ પહેરાવે છે. (ગીત. ૧૦૩ : ૪) **સોનાનો** મુગટ તમારો બને છે. (પ્રકટી. ૪ : ૪) **આશા કે આનંદ કે અભિમાનનો** મુગટ મળે છે. (૧ થેસા ૨ : ૧૯) .

"એ માટે હવે, જો ખ્રિસ્તમાં કંઈ ઉત્તેજન, જો પ્રેમનો કંઈ દિલાસો, જો [ પવિત્ર ] આત્માની કંઈ સંગત, જો કંઈ હૃદયની કરૂણા તથા દયા હોય; (ફિલિપી ૨ : ૧) તો મારા ભાઈઓ... તમે તમારાં શરીરોનું જીવતું, પવિત્ર તથા ઈશ્વરને પસંદ પડે તેવું અર્પણ કરો." (રૂમી ૧૨ : ૧)

પ્રભુ ઈસુ ખ્રિસ્તનો સ્વીકાર કરીને, તેને તમારો અંગત તારનાર તથા પ્રભુ બનાવો અને પ્રગટ કરો કે "ઈસુ ખ્રિસ્ત એકલો જ પ્રભુ છે."

## પ્રકરણ–૫

# ખ્રિસ્તી જીવનનાં ફળ

વિકાસ-વૃદ્ધિ એ તો પ્રકૃતિ-કુદરતનો એક નિયમ છે. સૂર્ય ઊગે છે. પૂર્વથી ઊગીને તેનું પરિક્રમણ પશ્ચિમના છેડા સુધી પહોંચે છે. તેનો વિકાસ પૃથ્વીના ખૂણેખૂણે પ્રકાશ પાથરે છે. અજવાળું, ગરમી અને જીવન આપે છે. (ગીત ૧૯ : ૧ , ૬)

જન જનાવર, સર્વ સજીવ અને ઝાડપાન સર્વનો વિકાસ ચોક્કસ ઠરાવેલી મર્યાદા મુજબ થાય છે જ. જો એ વિકાસ–વૃદ્ધિ અટકે તો ચોક્કસ કોઈ વિઘ્ન નડતર કે રુકાવટ છે, એમ સ્પષ્ટ મનાય.

વિકાસ બહુ જરૂરી છે. ફૂલછોડ ફૂલ, અને ઝાડ ફળ ન આપે, તો તે શા કામનાં ? ઝાડ તેનાં ફળ–ફૂલથી ઓળખાય છે. કુદરતની લીલોતરીમાં મેં ઘણાંય છોડ જોયા છે, જેમને હું જાણતો કે ઓળખતો નથી, કારણ કે તેમને લીલાં કે રંગીન પાંદડાં વગર બીજું કશું હોતું નથી.

માનવીનાં જીવનમાં પણ વિકાસ–વૃદ્ધિ અનિવાર્ય છે. ટુકડા લૂગડામાં લપેટાએલું બાળક કેવું કમજોર લાગે છે! પણ દિવસે–દિવસે વધતાં તે પારણામાંથી આંગણામાં રમતું બને છે. પછી કિશોર બને છે. ફરી મળીએ ત્યારે જુવાનીના તરવરાટમાં પ્રવેશેલો જોઈએ છીએ. હવે જુવાનજોધ, ભણેલો, ગણેલો, કમાતો અને પોતાની સહચરી સાથે કિલ્લોલ કરતો જોતાં, મન કેવા મલકાય છે! મનના ઊંડાણો 'જુગ જુગ જીવો' એવું રટણ જાગે છે.

વિકાસનો આનંદ અનેરો છે. ઈસુ જ્ઞાનમાં તથા કદમાં, અને ઈશ્વરની તથા માણસોની પ્રસન્નતામાં વધતો ગયો. (લૂક ૨:૫૨) એ શરીર, પ્રાણ અને આત્માનો સર્વાંગ વિકાસ હતો. જીવ–પ્રાણના વિકાસ માટે જ્ઞાન અનિવાર્ય છે. જીવનના વિકાસ સાથે શારીરિક કદના વિકાસ–વૃદ્ધિની આવશ્યક જરૂર છે. તે સાથે માનવીમાં રહેલા આત્માનો વિકાસ, તેને ઈશ્વરની–પોતાના ઉત્પન કરનારની, તેમ જ સાથી માનવીઓને રીઝવવા સર્વ સારાં કામ અને આચરણ કરવા તરફ વાળે છે. એ તેના આત્માનો આધ્યાત્મિક વિકાસ છે. આવો સર્વાંગ વિકાસ જરૂરી છે. એક તરફી વૃદ્ધિ નકામી છે. તે ઉપયોગી

નથી. એકલા કદની–શરીરની વૃદ્ધિ થાય અને અજ્ઞાન જીવ તેમાં પુરાએલો રહે, તે શા કામનાં? તે તો 'ઢોર' ગણાય. 'ગાંડા' ગણાય છે. ઘણાંક દેહથી રૂપાળાં અને જગતના જ્ઞાનમાં પાવરધાં બને, પણ આત્મિક ન હોય; અને બીજાં માટે આશીર્વાદરૂપ ન હોય, તો તે પણ શા કામનાં? માટે જ માનવીનાં શરીર, પ્રાણ અને આત્માના ત્રણે પ્રકારના વિકાસની ઘણી બધી આવશ્યકતા છે. એમ થાય તે જ યોગ્ય વિકાસ ગણાય.

આ ત્રણે પ્રકારના વિકાસમાં માનવીના આત્માના વિકાસનું મહત્ત્વ બહુ મોટું છે. કેમ કે, માણસ આખું જગત મેળવે, પણ જો તેના આત્માની હાનિ–નાશ થાય, તો તેને માટે એ સિવાય બીજી કોઈ મોટી નાલેશી નથી જ. "પૃથ્વી પરનું જીવન તો બહુ ક્ષણભંગુર છે. થોડાં કે ઘણાં વર્ષોમાં તે ખલાસ થાય છે. "માણસોના દિવસો ઘાસ જેવા છે; ખેતરમાંના ફૂલની પેઠે તે ખીલે છે. પણ વા તેના પર થઈને વાય છે, અને તે હતું ન હતું થઈ જાય છે; અને તે ક્યાં હતું એ કોઈને માલૂમ પડતું નથી." (ગીત ૧૦૩ : ૧૫,૧૬) પરંતુ એ જ જીવન કિંમતી અને મહિમાવંતુ પણ બને છે. જ્યારે માનવી પોતાના પૃથ્વી પરના જીવનમાં સભાન રહીને પોતાના પ્રભુ–દેવ પ્રત્યે વિશ્વાસુ બનીને તેને રીઝવે છે, તેની ઇચ્છા પોતાના જીવનમાં અપનાવે છે; તેના મહિમા અને ગૌરવ માટે જીવે છે, અને તેની પ્રતિછાયા રૂપે સાથી માનવી પ્રત્યેના વ્યવહારમાં પણ એ પ્રભુ દેવને મોટો મનાવે છે, ત્યારે તેનું જીવન લાભદાયક–આશીર્વાદિત બને છે. તેના જીવનની સુગંધ પમરી ઊઠે છે. ખ્રિસ્તના જીવનના પ્રમાણપત્ર રૂપ બને છે. તેનું જીવન ધન્ય મનાય છે! "કેમ કે તારણ પામનારાઓમાં, તથા નાશ પામનારાઓમાં, અમે ઈશ્વરની આગળ ખ્રિસ્તના સુગંધરૂપ છીએ." (૨ કોરીંથી ૨ : ૧૫,૧૬) એટલા જ માટે સંત પીતરનો

મનસૂબો જુઓ,..."...મારો માંડવો જલદી પડી જવાનો છે, મારું મરણ થયા પછી આ વાતોનું (તેના ઉત્તમ અને આદર્શ જીવનનું) સ્મરણ તમને નિત્ય થાય એવો હું યત્ન કરીશ." (૨ પીતર ૧:૧૪-૧૫)

પ્રત્યેક માનવી માટે ઈશ્વરની એ જ ઇચ્છા છે. "તેઓને જીવન મળે, અને તે પુષ્કળ મળે, માટે હું આવ્યો છું." (યોહાન ૧૦:૧૦) વળી "ઈશ્વરે તમને તેના દીકરા આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તની સંગતમાં તેડેલા છે; તે વિશ્વાસુ છે." (૧ કોરીંથી ૧:૯)

ઈસુ ખ્રિસ્તની સંગતમાં રહેનાર માનવીની વ્યાખ્યા અગર બ્યાન દાઉદ ભક્તના શબ્દોમાં જુઓ, "જે માણસ દુષ્ટોની સલાહ પ્રમાણે ચાલતો નથી, જે પાપીઓના માર્ગમાં ઊભો રહેતો નથી, અને જે નિંદાખોરોની સાથે બેસતો નથી, તેને ધન્ય છે! પણ યહોવાહના નિયમશાસ્ત્રથી તે હર્ષ પામે છે. અને રાત દિવસ તે તેના નિયમશાસ્ત્રનું મનન કરે છે. વળી તે નદીની પાસે રોપાયેલા ઝાડના જેવો થશે, જે પોતાના ફળ પોતાની ઋતુ પ્રમાણે આપે છે, અને જેનાં પાંદડાં કદી પણ ચીમળાતાં નથી; વળી જે કંઈ તે કરે છે તે સફળ થાય છે." (ગીત ૧:૧-૪)

ફળદ્રુપ જમીનમાં-નદીની પાસે રોપાયેલા અને ઈશ્વરનાં વચનના ખાતરથી ધની બનનારાંનાં ફળ કેવાં સુંદર, સ્વાદિષ્ટ અને શક્તિ-દાયક હોય! આવાં ફળ આરોગનારાં પણ કેવાં ભાગ્યશાળી અને સુખી બને! જુઓ એ ફળ અને તેની ઉપયોગિતા.

જગતના બગીચામાં અનેકવિધ પ્રકારનાં ઝાડનાં ઝુંડોનો પાર નથી. બહુધા ઝાડ જંગલી ફળનાં છે. એમ જ જગતના માનવ મહેરામણમાં પાર્થિવ અને માત્ર દૈહિક જીવન જીવનાર માણસો પણ અગણિત છે. આ દૈહિક જીવનનાં ફળ-તેમનાં કામ-

પણ ખુલ્લાં છે. 'એટલે વ્યભિચાર, અપવિત્રતા, લંપટપણું, મૂર્તિપૂજા, જાદુ, વેરભાવ, કજિયા કંકાશ, ઈર્ષા, ક્રોધ, ખટપટ, કુસંપ, પક્ષાપક્ષી, અદેખાઈ, છાકટાઈ, વિલાસ તથા એઓનાં જેવાં [કામ] (ગલાતી ૫ : ૧૯–૨૧) જગત આખું ઘોડા પૂરની પેઠે આ દુરાચારના પાપના પૂરમાં ખેંચાતું જાય છે. માણસો ભ્રષ્ટ બુદ્ધિને આધીન થઈને, તેઓ સર્વ પ્રકારના અધર્મીપણાથી, દુરાચારથી, લોભથી, [તથા] અંટસથી ભરપૂર; તથા ઈર્ષાથી, હત્યાથી, કલહથી, કપટથી, તથા દ્વેષભાવથી ભરપૂર; [વળી] ચાડી ચુગલીખોર, નિંદાખોર, દેવદ્વેષી, ઉદ્ધત, અભિમાની, બડાશ મારનારા, પ્રપંચી, માતાપિતાની અવજ્ઞા કરનારા, બુદ્ધિહીન, વિશ્વાસઘાતી, કુદરતી મમતાહીન, [તથા] નિર્દય. આવાં કામ કરનારાં, ઈશ્વરનો નિયમ જાણ્યા છતાં, એ કામોમાં રચ્યા પચ્યા રહે છે; અને બીજાઓને એ કામો માટે ઘસડી જાય છે. તેઓ સર્વ મરણ અને નાશને યોગ્ય છે.' (રૂમી ૧ : ૨૮–૩૨)

તેમ છતાં જગતના જંગલમાં થોડાંક ઝાડ એવાં પણ છે કે જેઓ સારાં ફળ આપે છે. એ આત્મિક જીવનનાં–સદાચારનાં ફળ છે. આ ફળ નવ પ્રકારનાં છે. જંગલી ફળના ઢગેઢગ છે, જ્યારે જીવનદાયક ફળ ઓછાં છે. પણ એ થોડાં દેખાતાં ફળ આખા જીવનને ભર્યું ભાદર્યું બનાવે છે. આ પવિત્ર આત્માનાં ફળ છે : ' પ્રેમ, આનંદ, શાંતિ, સહનશીલતા, માયાળુપણું, ભલાઈ, વિશ્વાસપણું, નમ્રતા, અને સંયમ છે."

જેઓ ખ્રિસ્તનાં અને ખ્રિસ્તમાં છે, તેઓ જ આવાં ફળ ઉપજાવી શકે છે. કેમ કે તેઓએ પોતાના દેહને આ જગતના તથા તેના વિષયોને ગૌણ ગણીને વધસ્તંભે જડી દીધા છે (ગલાતી ૫ : ૨૨–૨૪) ત્યારે જ આ ફળોનું આગવું મહત્વ છે. તેમાં મીઠાશ

છે. શક્તિદાયક છે. તેથી જ એ ફળ ચાખનારાં પણ જગતમાં વિરલ બને છે.

**પ્રેમ** ... ... પ્રેમ એ તો પ્રેમ જ છે. કેમ કે ઈશ્વર પોતે પ્રેમ છે. (૧ યોહાન ૪ : ૮) પ્રેમનાં રૂપ, રંગ, સ્વાદ અને એનાં જોગ હું કહું તેના કરતાં મારાથી અધિકગણા મોટા પ્રભુ ઈસુના સેવક અને સંતના શબ્દોમાં જ તમે વાંચો અને સમજો એ વધારે યોગ્ય છે. (જુઓ, ૧ કોરીંથી ૧૩) વારંવાર વાંચો. બહુ ભાવશે. નવી દૃષ્ટિ ખુલશે....આપણે એકબીજા પર પ્રેમ રાખીએ, કેમ કે પ્રેમ ઇશ્વરથી છે; અને જે પ્રેમ કરે છે તે દરેક ઈશ્વરથી જન્મેલો છે, અને ઈશ્વરને ઓળખે છે. (૧ યોહાન ૪ : ૭) "જે કોઈ ઈશ્વરથી જન્મેલો છે તે પાપ કરતો નથી. કેમ કે દેવ તેને સંભાળે છે; અને દુષ્ટ તેને સ્પર્શ કરતો નથી." (૧ યોહાન ૫: ૧૮)

"આપણે ભાઈઓ પર પ્રીતિ રાખીએ છીએ, એથી આપણે જાણીએ છીએ કે મરણમાંથી નીકળીને આપણે જીવનમાં આવ્યા છીએ. જે પ્રેમ રાખતો નથી તે મરણમાં રહે છે." (૧યોહાન ૩ :૧૪) નવો જન્મ પામનાર વ્યક્તિ માટે આ ફળ તેના જીવનના રૂપાંતર માટે બહુ જ ઉપયોગી અને અનિવાર્ય છે.

**આનંદ**...ખ્રિસ્તમય જીવન જીવનારાં ધીર–ગંભીર જરૂર હોય છે, પરંતુ તેમનાં મોં ચઢેલાં અને સોગિયાં નથી હોતાં. ખ્રિસ્તની સંગતમાં રહેતા અને સર્વ સારાં કામ કરતાં તેઓ આનંદ માણે છે; અને બીજાંને એ જ આનંદના ભાગીદાર બનાવવા પ્રેરણા આપે છે..."તમારામાં મારો આનંદ રહે, અને તમારો આનંદ સંપૂર્ણ થાય, એ માટે મેં તમને આ વચનો કહ્યાં છે. મારી આજ્ઞાઓ એ છે, કે જેમ મેં તમારા પર પ્રેમ રાખ્યો છે, તેમ તમે એક બીજા પર પ્રેમ રાખો." (યોહાન ૧૫ : ૧૧–૧૨)

"તું મને જીવનનો માર્ગ જણાવશે; તારી સંમુખ સંપૂર્ણ આનંદ છે; તારા જમણા હાથમાં અનંતકાળ ટકનારાં સુખદાયક વાનાં છે." (ગીત. ૧૬ : ૧૧) "વળી યહોવાહમાં દીનોનો આનંદ વધતો જશે, અને દરિદ્રી માણસો ઇસ્રાએલના પવિત્ર [ ઈશ્વર ]માં હરખાશે." (યશા. ૨૯ : ૧૯)

...તમે તેનામાં અવાચ્ય તથા મહિમાથી ભરપૂર આનંદથી હરખાઓ છો; અને તમે તમારા વિશ્વાસનું ફળ, એટલે તમારા આત્માનું તારણ, પામો છો." (૧ પીતર ૧ : ૮–૯)

**શાંતિ......**મનની શાંતિ એ આ ધમાચકડીના જગતમાં કેટલો મોટો આશીર્વાદ ગણાય ! મનની અંદરથી ઉદ્ભવતી શાંતિ અધિક શક્તિશાળી છે. "ઈશ્વરની શાંતિ, જે સર્વ સમજશક્તિની બહાર છે, તે ખ્રિસ્ત ઈસુમાં તમારાં હૃદયોની તથા મનોની સંભાળ રાખશે." (ફિલિપી ૪ : ૭) શાંતિનો ઇશ્વર તમારી સાથે રહેશે.

આવી શાંતિ જીવનને ધન્ય બનાવે છે ! દ્રઢતા બક્ષે છે ! "હું તમને શાંતિ આપીને જાઉં છું. મારી શાંતિ હું તમને આપું છું" (યોહાન ૧૪ : ૨૭) જગતની શાંતિ ઉપરછલ્લી અને ઠગારી છે. તે ક્ષણિક છે. માટે "હવે તેની (ઈશ્વરની) ઓળખાણ કર, અને શાંતિમાં રહે; તેથી તારું ભલું થશે." (અયૂબ ૨૨ : ૨૧)

**સહનશીલતા** ... જગતમાં આવતી મુશ્કેલીઓ-સતાવણીઓ ને ધીરજથી સહન કરવી એ માત્ર નવો જન્મ પામેલ અને પવિત્ર આત્માથી અભિષિક્ત હોય તે જ કરી શકે છે. સહન કરવું એ એ એક લક્ષણ છે. એ દર્દમાં મીઠાશ છે. જગતનાં સગાં સંબંધીના અને કૃતઘ્નિઓના ઘા-ડામ-અન્યયાને સહન કરવાની મર્દાનગી બહુ વિરલ પણ ગૌરવી હોય છે. ભૂંડાં કામ કરીને સહન કરવું, તેના કરતાં સારાં કામ કરીને સહનશીલતા દેખાડવી, એ કેટલું વિશેષ પ્રશંસ્ય

જોગ છે. "કેમ કે એને માટે તમને તેડવામાં આવ્યાં છે. કેમ કે ખ્રિસ્તે પણ તમારે માટે સહન કર્યું, અને તમે તેના પગલે ચાલો, માટે તેણે તમને નમૂનો આપ્યો છે." (૧ પીતર ૨ : ૧૮–૨૩)

**માયાળુપણું** ...પવિત્ર આત્મા જ્યારે આપણામાં રહીને આપણાં મનોનું નિયંત્રણ કરે છે, ત્યારે જ માયાળુપણું અને મમતા આવે છે. પ્રભુ દેવના સેવક માટે આવી માયા–મમતા બહુ અગત્યનાં છે. ત્યારે જ તે પોતાની સેવાઓને પ્રદીપ્ત કરી શકે છે....પ્રભુના દાસે વિખવાદ કરવો નહિ; પણ તે સર્વ માણસો પ્રત્યે માયાળુ, શીખવવામાં બાહોશ, સહનશીલ, અને વિરોધીઓને નમ્રતાથી સમજાવનાર હોવો જોઇએ; કદાચને ઇશ્વર તેઓને પસ્તાવો [ કરવાની બુદ્ધિ] આપે, જેથી તેઓને સત્યનું જ્ઞાન પ્રાપ્ત થાય." (૨ તીમોથી ૨ : ૨૪–૨૫) તમારા માયાળુપણાથી બીજાનો બચાવ થાય એથી મોટો બદલો તમારે માટે બીજો કયો હોય !

**ભલાઈ**...ભલાઇના સદાચારથી હંમેશાં વિશ્વાસ અને ખાતરી પેદા થાય છે. અપરાધ અને અપકાર પ્રત્યે દર્શાવેલી ભલાઇ અદ્ભુત અસર પેદા કરે છે. એટલા જ માટે ઇશ્વર યજ્ઞાર્પણ કરતાં ય ભલાઈ વધારે ચાહે છે. (હોશીઆ ૬ : ૬) ઇશ્વરની ભલાઇ તથા દયાની દાઉદ ભક્તને ખાતરી થતાં જ તે પોતાનો નિર્ણય જાહેર કરે છે, "હું સદાકાળ સુધી યહોવાહના ઘરમાં રહીશ." (ગીત. ૨૩ : ૬) શું તમારી ભલાઈ બીજાંઓના હૃદયોમાં વિશ્વાસ પેદા કરે છે ?

**વિશ્વાસુપણું**...જીવનના પ્રત્યેક વ્યવહારમાં વિશ્વાસુ બનવું એ જરૂરનું અને અનિવાર્ય છે. જો કોઈ કારોબાર આપણા હાથમાં સોંપાય તેમાં આપણું વિશ્વાસુપણું જાહેર થવું જોઈએ. "શાબાશ, સારા અને વિશ્વાસુ ચાકર, તું થોડામાં વિશ્વાસુ માલૂમ પડયો છે; હું તને ઘણા પર ઠરાવીશ; તું તારા પ્રભુના આનંદમાં પેસ" ( માત્થી ૨૫ : ૨૧ ) વિશ્વાસ હોય ત્યાં જ સંપ રહે.

**નમ્રતા**...સાચો ખ્રિસ્તી હંમેશાં પોતાની જાતને અગ્રસ્થાને રાખતો નથી. પ્રેમનું આ એક પાસું છે. આવી નમ્રતા, અયોગ્ય રીતે વર્તતાં દૂર રહે છે. પોતાના જ હિતનો દાવો કરતી નથી. નમ્રતા બીજાને આગળ રાખે છે. નમ્રતા, એ તો જીવનનો અભેદ્ય કિલ્લો છે. નમ્રતામાં જીત છે. "નમ્ર લોકો દેશનું વતન પામશે; અને પુષ્કળ શાંતિમાં, તેઓ આનંદ કરશે." (ગીત ૩૭ : ૧૧) નમ્રતા એ તો માનવીનું એક ઘરેણું છે. તેમાંય વિશેષ કરીને સ્ત્રીઓનું. (૧ પીતર ૩ : ૪) નમ્ર લોકો આકાશના રાજ્યના ભાગીદારો છે. (માત્થી ૫:૩)

**સંયમ**...વ્યવસ્થિત સંયમી જીવન આ પવિત્ર આત્માનું પ્રમાણપત્ર છે. "કાળજીપૂર્વક સંભાળ રાખો કે તમે નિર્બુદ્ધની પેઠે નહિ, પણ ડાહ્યા માણસની પેઠે, ચાલો" (એફેસી ૫:૧૫,૧૮) સંયમ રાખવો, પરહેજી જીવન જીવવું. એ ડાહ્યા માણસનું કામ છે. અગ્નિ સાથે ચેડાં કરવાનું ગાંડપણ આપણે કરતાં નથી. છતાં જે ત્યાજ્ય અને જીવન બરબાદ કરનારી એવી ઘણી બાબતો આપણે જાણીબૂઝીને ગ્રહણ કરતાં રહીએ છીએ. આપણે જીવતા ઈશ્વરનાં મંદિર છીએ અને ઈશ્વરનું મંદિર પવિત્ર હોવું ઘટે. તેને આપણે મલિન કેમ કરી શકીએ !

હવે આ છે **નવ** પ્રકારનાં પવિત્ર આત્માનાં ફળ જે ખ્રિસ્તી જીવનનાં ફળ છે. કેમ કે ઈશ્વરે આપણને તેના આત્માથી વેષ્ટિત કર્યા છે. ઉપરોક્ત પ્રકારના ફળોમાંથી પ્રથમ ત્રણ પ્રકારનાં ફળ જે **પ્રેમ, આનંદ** અને **શાંતિ** છે, એ ફળ તમારા પોતા માટે અંગત છે. આ ફળોનો સ્વાદ અને અનુભવ તમે જ માણી શકો છો. એના ગુણ-લાભ તે પણ તમારા જ છે. તમારી જીવનવડીમાં આ ત્રણ ફળ તમારા પોતાના માટે જ છે. પ્રેમ, આનંદ અને શાંતિ અનુભવો અને માણો.

ખ્રિસ્ત ઈસુ પ્રત્યેનો તમારો પ્રેમ...તેનામાંથી મળતો આનંદ અને પ્રભુ દેવની શાંતિ એ તમે જ માણી શકો. બીજાં તમારો પ્રેમ, આનંદ, શાંતિ જોઈ શકે ખરાં, પણ એના લાભ-અનુભવ તો તમારાં જ છે.

બીજાં ત્રણ પ્રકારના ફળ જે **સહનશીલતા, માયાળુપણું અને ભલાઈ.** આ ત્રણ ફળ તમારે તમારાં પાડોશીઓને તમારી સાથે વ્યવહારમાં આવતાં તમારાં સાથી ભાઈ-બહેનોને એ વહેંચવાનાં છે. તમારા જીવનનાં આ ફળોમાં તેઓનો ભાગ અને લાભ છે. એ ફળ તમારાં છે, પણ તમારા પોતાના માટે નથી. તમારી પાસે જ રાખી મૂકશો તો તે સડી જશે, તમારી સહનશીલતા-માયાળુપણું અને ભલાઈ અન્ય લોકોના જોવા-જાણવા અને અનુભવવામાં આવે, એ સારું છે. એમાં તમારો ધન્યવાદ છે.

હવે છેલ્લાં ત્રણ પ્રકારનાં ફળ-**વિશ્વાસુપણું, નમ્રતા, સંયમ.** એ ફળ તે તો તમારે દેવને અર્પણ ધરવાનાં છે. તમારો વિશ્વાસ, તમારી નમ્રતા અને તમારું સંયમી જીવન, એ પ્રભુ દેવના ચરણોમાં અર્પણ કરવાનાં છે. 'વિશ્વાસ વગર દેવને પ્રસન્ન કરવો શકય નથી.' (હેબ્રી. ૧૧ : ૬) આકાશ, રાજ્ય અને પૃથ્વીનું વતન, એ રાંક અને નમ્ર મનવાળાનાં છે. (માત્થી ૫ : ૩-૫) સંયમ, પવિત્રતા બક્ષે છે. આકાશમાંના બાપની સંપૂર્ણતા સુધી લઈ જાય છે. (માત્થી ૫ : ૪૩-૪૮)

તમારી જીવનવાડી કેવી આશીર્વાદિત બને છે ! તમારી વાડીમાં લાગેલાં ફળ તમે ખાઓ છો, અન્ય લોકો-પાડોશીઓ ખાઈને આનંદ કરે છે; અને તમારો ઈશ્વર પણ તમારી વાડીનાં ફળથી સંતુષ્ટ થાય છે. તમારી વાડીને ખીલેલી-ફાલેલી-ફૂલેલી રાખે છે. "તેઓ ઘડપણમાં પણ ફળદાયક થશે, તેઓ રસે ભરેલા તથા લીલા રહેશે." (ગીત. ૯૨ : ૧૪)

---

# પ્રકરણ–૬

## નાનાં શિયાળવાં

દરેક મનુષ્ય જે નવો જન્મ પામે છે, તેનાં પાપ માફ થાય છે. વિશેષમાં પવિત્ર આત્મા એ વ્યક્તિનો સાથી–સંઘાતી બને, તેનામાં વાસો કરે છે, ને માર્ગદર્શક બને છે–દોરનાર અને ભોમિયો થાય છે. વળી પાપથી દૂર રાખે છે. એમ નવો જન્મ પામતાંની સાથે જ જે બદલાણ અને જીવનની નવી ઉત્પતિ થાય છે, તે દ્વારા તે ઇશ્વરના શરણા હેઠળ આવે છે...નવું જીવન પાંગરીને ખીલવા-ફાલવાની શરૂઆત થાય છે, ત્યારે ભયસ્થાનો પણ સામે જ હોય છે.

અહીં શૂલ્લામી પોતાના પ્રીતમને પોકાર કરે છે કે, 'જે શિયાળવાં, નાનાં શિયાળવાં, દ્રાક્ષાવાડીઓને ભેલાડે છે, તેઓને અમારી ખાતર પકડો. કેમ કે અમારી દ્રાક્ષાવાડીઓ ફૂલોથી ખીલી રહી છે.' (ગીતોનું ગીત ૨ : ૧૫)

શૂલ્લામીની જીવનવાડી–દ્રાક્ષાવાડી ખીલી છે. તેને ફૂલ આવ્યાં છે. હવે તેમાં દ્રાક્ષાના લૂમખાં લહેરી રહેશે ત્યારે તેને માટે મોટો ભય તે નાનાં શિયાળવાંનો છે. તેઓ વાડી ભેલાડે છે.

વ્યક્તિ નવો જન્મ પામીને તેના જીવનની દ્રાક્ષાવાડી ખીલવા માંડે, ફૂલ આવે, ત્યારે આ તકેદારી બહુ જ આવશ્યક છે. નવા જન્મ દ્વારા ઇશ્વરની આધીનતા અને શરણાગતિ સ્વીકારવાથી ઇશ્વરનું રક્ષણ મળે છે. ઇશ્વર આ વાડીની સારસંભાળ લે છે; તેની વાડબંધી કરે છે. (યશા. ૫ : ૨) ઇશ્વર આપણો ખડક–કિલ્લો–

સંતાવાનો ગઢ અને આશ્રય છે. (૨ શમૂ ૨૨ : ૨–૩; ગીત. ૧૮ : ૨; ૩૧ : ૩; ૭૧ : ૩; ૯૧ : ૨)

આવું રક્ષણ અને વાડ મળવાથી મોટાં જનાવરોની બીક રહેતી નથી. મોટાં મોટાં પાપ......ખૂન, ચોરી, લૂંટફાટ, વ્યભિચાર, અને એવાં બીજાં, એ સર્વ અદૃશ્ય થાય છે. કેમ કે ઈશ્વરનું રક્ષણ મળ્યું છે. તે સિવાય ઈશ્વર આપણાં જીવનોમાં અંગત રસ લે છે, અને આપણી વહાર કરે છે... "ત્યારે શેતાને યહોવાહને ઉત્તર આપ્યો, કે શું અયૂબ કારણ વગર ઈશ્વરની ભક્તિ કરે છે? શું તું તેનું, તેના ઘરનું તથા તેના સર્વસ્વનું ચોગરદમ રક્ષણ કરતો નથી?" (અયૂબ ૧ : ૯,૧૦)

આ ઉપરાંત ઈશ્વરે કેટલાક ચોકીદારો તથા યહોવાહને યાદ દેવડાવનારાને આપણા માટે ઠરાવ્યા છે. જેઓ દેવનાં વચનો દ્વારા ઈશ્વરની યાદ આપે છે. આરબ દેશોમાં આ પ્રથા ખાસ જોવા મળે છે. ઇસ્રાએલીઓમાં અમુક આવા પ્રકારના લોકો અલાયદા કરાયેલા હોય છે. તેઓ સુફિયાણી અથવા દરવેશ કહેવાય છે. તેઓ ઘેર ઘેર ફરીને ઈશ્વરનાં વચનોની આયાતો બોલતા રહે છે. તેમના હાથમાં ધાતુની બંગડીઓ અને નાની લાકડી રહે છે; તેનાથી ખખડાવીને અવાજ કરે છે અથવા ચીપિયા વડે પણ તાલ મિલાવે છે. આમ તેઓ વિશેષ કરીને વહેલી સવારે અને સાંજે દરેક ઘેર ફરી વળે છે અને વચનો સંભળાવે છે.

ઈશ્વરનાં વચનો સંભળાવનારાનાં પગલાં કેવાં રળિયામણાં હોય છે. તેઓ ઊંઘતાંને જાગ્રત કરે છે. ભૂલેલાંને પાછાં ફેરવે છે. (યશા. ૫૨ : ૭ ; નાહૂમ ૧:૧૫)

ઈશ્વરની સંભાળ આપણે માટે અદ્દભુત અને અજોડ છે. આવી સંભાળને લીધે મોટા ભાગનાં પાપોથી છૂટી જઈએ છીએ... તેનાથી દૂર રહીએ છીએ.

જેમ દિવસમાં આપણે એકવાર નાહીએ છીએ જેથી શુદ્ધ અને સ્વચ્છ બનીએ છીએ; પરંતુ ઘરકામમાં અને બીજા કામોમાં આપણા હાથ અને પગ ખરડાતા રહે છે- જાણતાં કે અજાણતાં હાથ–પગ મેલાં થાય છે. એમ જ આપણા રોજિંદા જીવનમાં, કામ અને વ્યવહારમાં, આપણે નાની નાની ભૂલો કરી બેસીએ છીએ. આ નાની ભૂલોને આપણે બહુ મહત્ત્વ આપતાં નથી. નાની ગણીને તે વિષે આપણે ગાફેલ–બેદરકાર રહીએ છીએ. વળી આવી ભૂલો આપણા આચારવિચારમાં સહચાર રાખીને આપણામાં ભળી જાય છે. આપણે તેમના પ્રત્યે કડુ અગર સખત બનતાં નથી; અને આપણે ભૂલી જઈએ છીએ કે તે આપણું નુકસાન કરે છે. તેઓ નુકસાન તો કરે જ છે...જેમ કે આપણાં ઘરોમાં નાની ઊંદરડીઓ, આપણે જાણીએ નહિ તેવી રીતે આવે છે. આપણે તેમના પ્રત્યે દુર્લક્ષ બનીને તેમને રહેવા દઈએ છીએ. ઊંદરડીઓ તમારા જ ઘરમાં રહે છે, તમારું જ રાંધેલું ખાય છે; રસોડામાં–ઓરડામાં ટેબલ–અલમારીઓમાં ફરે છે, રમે છે, સમય પ્રમાણે બચ્ચાં પણ થાય છે. આ સર્વ છતાં જ્યારે આ ઊંદરડીને મોકો મળે અને પેટી કે કબાટમાં પેસવાની તક મળે ત્યારે તે તમારા લગ્નની સાડી જ અથવા તમારા ઘરના દસ્તાવેજને જ કાતરી ખાય છે. નાશ કરે છે. તમારું મોટું નુકસાન કરે છે.

નાનાં દેખાતાં પાપો–ભૂલો પણ એવા જ પ્રકારનાં છે. શૂલ્લામી–કન્યા–મંડળી તે આવાં પાપોને 'નાનાં શિયાળવાં'ની ઉપમા આપે છે. તે પોતાના પ્રીતમ–પ્રભુ ઈસુને પોકારે છે કે, 'જે નાનાં શિયાળવાં અમારી દ્રાક્ષાવાડીઓને ભેલાડે છે; તેઓને અમારી ખાતર પકડો.'

શિયાળ એ જંગલી નિશાચર પ્રાણી છે. તેના બે પ્રકાર છે: જે બહુ નાની જાત છે તે લોંકડાં કહેવાય છે. તેઓ જમીનમાં

ખાડા ખોદેલા દરમાં રહે છે. બીજી જાત તે જરા મોટી પણ નાની જાતના કૂતરાં જેવી છે. તે માંસભક્ષી તેમ જ ફળ અને આહાર ખાનાર છે. શિયાળવાં બહુ જ ખંધાં અને લુચ્ચાં હોય છે. છેતરવાનો તેનો ખાસ ગુણ છે. શિયાળવાં ગામની ભાગોળે જ અને ટોળાબંધ રહે છે, ફરે છે. તેઓ ખેતરના પાકને અને ફળવાડીને ભેલાડે છે. તેમના ખાવા કરતાં તેમનો બગાડ વધારે મોટો હોય છે.

આ દ્રાક્ષાવાડી ભેલાડનારાં નાનાં શિયાળવાં જે માનવી જીવનની વાડીઓ ઉજાડનારાં, નાનાં નાનાં પાપ-ભૂલો છે તે જરા તપાસીએ—

- સૌ પ્રથમ આવી ભૂલોને આપણે નાની અને બીનહાનિકર્તા જાણીને તેમને આપણી આસપાસ રહેવા દઈએ છીએ એ જ આપણી ભૂલ છે.

- દેવની રક્ષાની વાડ આપણી આસપાસ છે. પરંતુ વાડમાં જમીન સાથે જ બાકોરાં છે, જ્યાંથી શિયાળવાં પેસે છે તે વિષે આપણી બેદરકારી-ગાફેલપણું-આળસ એ બીજી ભૂલ છે.

- ત્રીજી ભૂલ એ છે કે આપણે આપણી ભૂલ કબૂલ કરતાં નથી. એ ભૂલ બીજાંની મારફતે-બીજાંની દોરવણીથી થઈ છે. એમ દોષ બીજાં પર ઢોળવા પ્રયત્ન કરીએ છીએ. જાણે કે દોષ-ભૂલમાં બીજાંને ભાગીદાર બનાવવાથી આપણી જવાબદારી હલકી થઈ જશે, એમ માનીએ છીએ.

- પોતાને નિર્દોષ ગણાવવા આપણે બીજાની ચાડીચુગલી કરીએ છીએ. જાણે બીજાંને દોષિત ગણાવવાથી પોતે ડાહ્યાં છે એમ માનવાની ભૂલ કરીએ છીએ.

- આવી ચાડીચુગલી, કાનફૂસિયાં, ઘરમાં-સમાજમાં કેટલું ઝેર ફેલાવે છે-ભેલાણ કરે છે.

○ ઘણીવાર આપણા તરફથી બીજી તરફ ધ્યાન દૃષ્ટિ ફેરવવા આપણે બનાવટી વાતો અને અફવાઓનો આશરો લઈએ છીએ. એવી અફવાઓથી આપણે બીજાંની ઘોર ખોદીએ છીએ.

○ હસીખુશીમાં મશ્કરી કરવી, જેમ તેમ વાતો કરવી, કોઈક જૂના બનાવની તાજી કરવા મહેણાં મારવાં, એને આપણે ઘડીકની મજાક માનીએ છીએ. પણ તે આત્માના ફાંદારૂપ અને મૂર્ખાઈ છે. (નીતિ ૧૦ : ૧૪ ; ૧૮ : ૭)

○ ઘણે મોટે ભાગે, ઘણી બાબતોમાં, હું જાણતો નથી. મને ખબર નથી. એમ કહી આપણે વાતને કે પ્રસંગને ટાળવા પ્રયત્ન કરીએ છીએ; એ આપણી નબળાઈ અગર ભૂલને ઢાંકવા પડદો પાડવાનો નૂસખો છે. (ઉત્પત્તિ ૪ : ૯)

○ સોંપેલું કાર્ય કરવાની જવાબદારી સ્વીકાર્યા પછી તે આપણે કરતાં નથી. એ દ્વારા જૂઠું બોલવાની અને કામ નહિ કરવાની એવી બે ભૂલ કરીએ છીએ. (માત્થી ૨૧ : ૩૦)

○ મૂર્ખ માણસોની સોબત-મજાકમશ્કરી થોડો આનંદ આપે, પણ એવી સોબતનો રંગ લાગીને આપણને મૂર્ખ બનાવે છે. (નીતિ ૧૩ : ૨૦)

○ બીજાંની દોરવણી અને શીખવ્યા પ્રમાણે વર્તીએ છીએ. સારા નરસાનો વિચાર કરતાં નથી. બીજાંના બતાવ્યા પ્રમાણે પાપના ઊંડા ખાડામાં પડીએ છીએ. (માત્થી ૧૪ : ૮)

○ અપ્રમાણિક લાભ, માનવીનાં મન આંધળાં કરે છે. તે ગમે તેવાં કામ કરવા તૈયાર થઈએ છીએ. (નીતિ. ૧૩ : ૧૧ ; હઝ. ૨૨ : ૨૭)

○ ઠગાઈ અને છેતરપિંડીના હથિયાર માત્ર ભૂંડા જ હોય છે. એવી કુયુક્તિઓ તેના જ પગોમાં આવે છે. ઠગનાર જ ઠગાય છે. (યશા. ૩૨ : ૭)

○ સુખ સૌને ગમે છે; પણ સુખને જ પ્રથમ રાખવું અને બીજાં વિષે બેદરકાર બનવું એ તેનો પોતાનો નાશ નજીક લાવે છે. ( યશા. ૩૨ : ૯,૧૦ )

○ જેઓ માત્ર પેટભરા છે–ઉદર એ જ એમનો દેવ. વળી શરમમાં જેઓ લજવાતા નથી, તેઓ વિનાશ લાવે છે; અને લણે છે. ( ફિલિપી. ૩ : ૧૯ )

○ અઘટિત ભોજનથી બીજાંની લાગણી દુભાવવી, તેમ જ દ્રાક્ષારસ–દારૂ પીને બીજાંને ઠોકરરૂપ બનવું એ દેવના કાર્યની સામા થવા બરાબર છે. જે ત્યજ્ય છે તે ત્યજ્ય જ રહેવાં જોઈએ. (રૂમી. ૧૪ : ૧૫ , ૨૧ )

○ બહુ બોલવામાં દોષની અછત હોતી નથી. જીભને વશ નહિ કરનાર પોતાના મનને છેતરે છે–તે ધાર્મિક નથી. ( યાકૂબ ૧ : ૨૬ )

○ પ્રભુ દેવના સેવક–પ્રબોધકનું જેઓ સાંભળતા નથી–માનતા નથી તેઓ પોતાનો નાશ નોતરે છે. (પ્રે. કૃ. ૩ : ૨૩ )

○ જેઓ શિખામણ અને ઠપકાને ગણકારતાં નથી, પણ પોતાની ગરદન અક્કડ રાખે છે તે અકસ્માત નાશ પામે છે. ( નીતિ. ૨૯ : ૧ )

○ ઈશ્વરનાં વચનોને તુચ્છ ગણનાર તથા તે પ્રત્યે દુર્લક્ષ કરનાર નાશના આરે ઊભાં રહ્યાં છે. ( નીતિ. ૧૩ : ૧૩ ; હોશિયા ૪ : ૬ )

○ અભિમાનનું પરિણામ નાશ છે; ગર્વિષ્ટ સ્વભાવ છેવટે પાયમાલી છે. ( નીતિ ૧૬ : ૧૮; ૧ કોરીથી ૫ : ૬ )

○ ઘણા પોતાનું ગૌરવ અને અભિમાન તેમનાં વસ્ત્રો અને આભૂષણોમાં માને છે. આજકાલ સૌંદર્ય પ્રસાધનો એટલાં બધાં

વધી પડ્યાં છે કે પોતાના દેહના પ્રદર્શનમાં લોકો મર્યાદા ભૂલી ગયાં છે. વિશેષ કરીને સ્ત્રીવર્ગ આવા પ્રદર્શનથી બીજાંઓને પાપ તરફ ઘસડે છે. માટે, "તમારો શણગાર માત્ર બહારનો ન હોય...પણ અંતઃકરણમાં રહેતા ગુપ્ત મનુષ્યત્વનો, એટલે દીન તથા નમ્ર આત્માનો, જે ઈશ્વરની નજરમાં બહુ મૂલ્યવાન છે, તેના અવિનાશી અલંકારનો થાય, કેમ કે પ્રાચીન કાળની પવિત્ર સ્ત્રીઓ ઈશ્વર પર આશા રાખીને પોતાને શણગારતી અને તેમના પતિને આધીન રહેતી." (૧ પીતર ૩ : ૩-૬)

• બીજાંનો ન્યાય કરવાની મોટાઈ સૌને ગમે છે. ત્યારે આપણી આંખ બહુ ઝીણી રાખીએ છીએ; પરંતુ પોતાના પગ નીચેના રેલા ધ્યાન લેતાં નથી. બીજાંઓનો ન્યાય કરનાર તું કોણ છે?" (માથ્થી ૭ : ૧; યાકૂબ ૪ : ૧૨)

• "...લોભ એ સર્વ પ્રકારનાં પાપનું મૂળ છે." લાંચ અને લાલચ માણસની સમજણનો નાશ કરે છે; અને માણસ મૂર્ખ બનીને પાપના ફંદામાં ફસાય છે. (૧ તીમોથી ૬:૧૦; સભા. ૭:૭)

• આળસ-નિષ્ક્રિયતા-આરામ કરનારા પર પાપ હથિયાર બંધ હુમલો કરે છે. પાપમાં ઘસડી જાય છે. (૨ શમૂ ૧૧; નીતિ. ૬ : ૧૦)

હવે "૭ વાનાં ઈશ્વર ધિક્કારે છે; હા સાત વાનાં તેને કંટાળો ઉપજાવે છે; એટલે ગર્વિષ્ટ આંખો, જૂઠાબોલી જીભ, નિર્દોષ લોહી વહેવડાવનાર હાથ; દુષ્ટ તરંગો રચનાર હૃદય; નુકસાન કરવા દોડી જનારા જલદ પગ; અસત્ય ઉચ્ચારનાર જૂઠો સાક્ષી, અને ભાઈઓમાં કુસંપનું બીજ વાવનાર." (નીતિ ૬ : ૧૬-૧૯)

ઉપરોક્ત સર્વ અને બીજી ઘણી એવી મરેલી માખીઓ છે. કે જે ઉત્તમ સુવાસિત અત્તરને પણ દુર્ગંધ મારતું કરી દે છે. આ

નાનાં નાનાં શિયાળવાં તમારી ખીલતી–ફૂલથી લચી પડેલી વાડીને ભેલાડે છે. તમારાં ફળના પાકનો નાશ નોતરે છે. માટે મિત્ર, "જ્ઞાન મેળવ, બુદ્ધિ સંપાદન કર,...તારી સર્વ કમાણી ઉપરાંત બુદ્ધિ પ્રાપ્ત કર,...તે તને ઉચ્ચ પદવીએ ચઢાવશે...તે તને પ્રતિષ્ઠિત કરશે, તારા માથાને શોભાનો શણગાર પહેરાવશે. અને તને તેજસ્વી મુગટ આપશે." (નીતિ. ૪ : ૫–૯)

"કેમ કે આજ્ઞા દીપક છે, અને નિયમ પ્રકાશ છે, અને શિક્ષણ તથા તેની સાથે નસીહત એ જીવનનો માર્ગ છે." (નીતિ. ૬:૨૩)

---

# પ્રકરણ–૭

# ચાર અંજીરી

કનાન દેશ એ ઈશ્વરથી આશીર્વાદિત અને દૂધમધની રેલછેલ-વાળો પ્રદેશ છે. આ ભૂમિમાં ફળફળાદિ પુષ્કળ થાય છે. તેમાં અંજીરીઓ અધિક છે. આ ઝાડ ઘણું મોટું અને ચોતરફ ફેલાયેલું હોય છે. તેનો છાંયો બહુ શીતળ હોવાથી તેની શાંતિ અને વિકાસનાં પ્રતિકનું ઝાડ ગણવામાં આવે છે. આ ઝાડની અજાયબ ખાસિયત એ છે કે તે વર્ષમાં દશ મહિના સુધી ફળ આપે છે. કનાન એ ઈસ્રાએલી પ્રજાનો દેશ છે. ઈસ્રાએલીઓ મોટા ભાગે દરેક જણ પોતાના ઘર આગળ અને ખેતરમાં અંજીરીનું ઝાડ, તેની સાથે જૈતૂનનું ઝાડ અને દ્રાક્ષાવેલાનો માંડવો એ અવશ્ય ઉછેરે છે.

અંજીરીમાં બે જાત છે. બીજી જાતને ગુલ્લર ઝાડ કહે છે. અંજીરી કરતાં ગુલ્લર ઝાડનાં ફળ જરા નાનાં હોય છે. તે હલકી જાત ગણાય છે. ઈસ્રાએલી લોકોમાં એક કહેવત ચાલે છે કે 'અંજીરી

અને જેત વૃક્ષ' કદી મરતાં નથી.

હવે બાઇબલમાં ચાર પ્રકારની અંજીરી બતાવી છે. તે આ પ્રમાણે ..... ૧. ફળવંત અંજીરી, ૨. નિષ્ફળ અંજીરી, ૩. જંગલી ફળ આપનાર અંજીરી, ૪. ફળનો દેખાવ કરનાર અંજીરી. આ અંજીરીઓના પાઠ શીખવા આપણે માટે જરૂરી છે. આ ચાર પ્રકાર મનુષ્યજીવનના પ્રતીકરૂપ છે; અને આપણને ઘણું શીખવે છે.

પ્રત્યેક ઝાડ ફળવંત અગર નિષ્ફળ હોઈ શકે. ઝાડને માટે આ બે જ હકીકત છે. ફળવંત અગર નિષ્ફળ.

ઈશ્વરે માનવજાત સમક્ષ ઘણી બધી જાતની પસંદગીઓ મૂકીને તેને મૂંઝવી નાખ્યું નથી–ગૂંચવણ પેદા કરી નથી. ભલું અગર ભૂંડું–જીવન અગર મરણ. આ કિનારે અગર સામે કિનારે–દેવના પક્ષના કે શેતાનના પક્ષના–એમાંથી એક પસંદગી. ત્રીજી કોઈ રીત કે પસંદગી છે જ નહિ. કદાપિ જો હોય તો તે મનુષ્યોની ઉપજાવી કાઢેલી હશે.

હવે ઝાડ ફૂલ–ફળ આપે એ એના ભીતરની ક્રિયા–પ્રક્રિયા છે-ઝાડ તંદુરસ્ત છે તેની એ નિશાની છે. ફળ એ જ ઝાડનું ગૌરવ છે. ફળથી જ ઝાડ ઓળખાય છે. દરેક પ્રકારનાં ઝાડને તેનાં ફળ અને તેમાં તેના આગવાં સ્વાદ–સુગંધ હોય છે. ઉત્તકંટારી દ્રાક્ષા આપી શકે નહિ તેમ અંજીરી ઉત્તકંટારી ઉપજાવી શકે જ નહિ.

ખ્રિસ્તી જીવનમાં બેલ્યાલનાં ફળ કયાંથી આવી શકે? અને જો બેલ્યાલનાં ફળ દેખાય તો ઝાડમાં કાંઈ બગાડ છે. જીવનમાં કોઈ પ્રકારનો સડો છે, એ સ્પષ્ટ બને છે. અંજીરી પર અંજીર અને જૈતૂન પર જેત ફળ જ હોઈ શકે.

હવે આ અંજીરીઓની પ્રકૃતિઓ જરા સમજીએ...

**૧. ફળવંત અંજીરી**...(ઉત્પત્તિ ૪૯ : ૨૨; ગીત. ૧ : ૩; યોહાન ૧૫ : ૪–૫.) આ અંજીરી પોતાના ફળ બરાબર આપે છે. "વળી

તે નદીની પાસે રોપાયેલા ઝાડના જેવો થશે, જે પોતાનાં ફળ પોતાની ઋતુ પ્રમાણે આપે છે, અને જેનાં પાંદડાં કદી પણ ચીમળાતાં નથી." (ગીત. ૧ : ૩) તે પુષ્કળ ફળ આપે છે. ફળથી લચી પડેલું ઝાડ કેવું રળિયામણું લાગે છે. ઝાડની તારીફ તો થાય છે જ, પણ તેના માલિકનો મહિમા પણ ગવાય છે. "તમે બહુ ફળ આપો એમાં મારા બાપને મહિમા મળે છે.'' (યોહાન ૧૫ : ૮) એ મહિમા માટે ઈશ્વરપિતા કેટલો હરખાય છે !

ઘણાં ફળ એ ઝાડની નક્કરતા અને શક્તિનું પ્રમાણપત્ર છે. એ ઝાડને સારી ભોંય—સારું પોષણ મળ્યાં છે એ નક્કી થાય છે. "તમે મારામાં રહ્યા વગર ફળ આપી શકતા નથી." ( યોહાન ૧૫ : ૪) ખ્રિસ્તી જીવનનાં ફળ ઈશ્વર સાથેના સમાધાન અને સમાગમમાં રહી સીધાં અને પાધરાં તેમ જ પ્રામાણિક અને ન્યાયી ન હોય તો સદાચારનાં ફળ શક્ય જ નથી. વળી ફળ આપનાર ઝાડને માળીની રખેવાળી તેમ જ માવજતની પણ જરૂર છે. જો તે ન હોય તો શક્ય છે કે ફળ અવારનવાર ઝુડાઈ જાય. બહારનાં દૂષણો એ ફળને પાકવા સુધી રહેવા ન પણ દે.

આ અંજીરી પરથી મનુષ્ય જીવનના મહામૂલા પાઠ આપણે શીખીએ છીએ. ઈશ્વરે આપણને સર્વોત્તમ મનુષ્યજીવન આપ્યાં છે. એ જીવનો સદાચારી—ફળવંત બને એ ઈશ્વરની ઇચ્છા છે. કયો બાપ કે મા પોતાના દીકરાનું જીવન વેડફાતું—નિષ્ફળ જોવા રાજી હોય ? "એ માટે જો તમે ભૂંડાં છતાં તમારાં છોકરાંઓને સારાં વાનાં આપી જાણો છો, તો તમારા આકાશમાંના બાપની પાસે જેઓ માગે છે, તેઓને કેટલાં વિશેષે કરીને તે સારાં વાનાં આપશે.'' (માત્થી ૭ : ૧૧)

જુઓ, આપણાં રક્ષણ—સંભાળ માટે તેણે દૂતો ઠરાવેલા—નીમેલા છે. "યહોવાહના ભક્તોની આસપાસ તેનો દૂત છાવણી

કરે છે; અને તેમને છોડાવે છે." (ગીત. ૩૪ : ૭)

આ પ્રથમ પ્રકારનાં મનુષ્યજીવન તે ઈશ્વરનાં પ્રકાશનાં સંતાનો છે. તેઓ પોતાનાં સારાં કામનાં ફળ ઉપજાવનારાં છે. જીવનની યોગ્યતા અને સાર્થકતા એમાં જ છે.

૨. નિષ્ફળ અંજીરી...(લૂક ૧૩ : ૬–૯)

આ બીજો પ્રકાર છે. આ અંજીરીને પણ વાડીમાં રોપવામાં આવી છે. તેને પણ જે જે વાનાંની જરૂર તે તે પૂરાં પડાયાં છે. પરંતુ ઋતુ હોવા છતાં પણ તેને ફળ આવ્યાં નથી. કદાપિ બીજા વર્ષે ફળ આવશે એવી આશા રખાઈ, પણ એ આશા ખોટી નીવડી. હવે ત્રીજા વર્ષે પણ ફળની રાહ જોવાઈ, પણ અંજીરી નિષ્ફળ રહી. એને એની માવજત મળી છે. તેનો વિકાસ છે, પણ ફળ વગરનો. ઘણાં મનુષ્યજીવનો એવાં ફળ વગરનાં રહે છે.

લૂકની સુવાર્તાના તેરમા અધ્યાયની ઉપરોક્ત કલમો જુઓ–વાંચો. અહીં ત્રણ વર્ષ–ત્રણ તક–ત્રણ યુગ બતાવાયા છે. અંજીરી એ ઈસ્રાએલી પ્રજાની ઉપમા છે. ઈબ્રાહિમને ઈશ્વરે પસંદ કરીને તેડયો. તેનાથી ઈસ્રાએલી પ્રજા અસ્તિત્વમાં આવી, ત્યારથી ઈસુ ખ્રિસ્ત આ પ્રજામાં આવ્યો ત્યાં સુધી ત્રણ યુગ પસાર થયા, પરંતુ ઈસ્રાએલી પ્રજા એવી જ બેદરકાર, હઠીલી અને ઈશ્વરથી દૂર રહેનારી પ્રજા પુરવાર થઈ. (માત્થી ૧ : ૧૭)

ઈસુ ખ્રિસ્તના જાહેર જીવન અને તેનાં આધ્યાત્મિક વર્ષો પણ ત્રણ હતાં. આ ત્રણે વર્ષના સંપર્કમાં આ પ્રજા પાસે ફળ દેખાયાં નથી.

હાલના જગતને લગભગ ૭ હજાર વર્ષ થયાં. આદમથી અત્યાર સુધી માનવજાત નિષ્ફળ રહી. બે હજાર વર્ષના એવા ત્રણ તબક્કા–યુગ–કાળ વીત્યા.

આવી નિષ્ફળતા માટે હવે કદાપિ એક જ અને છેલ્લી તક

આ ચાલુ જમાનામાં અપાઈ રહી છે.

નિષ્ફળતા-નિષ્ક્રિયતા, એ જડતાની નિશાની છે. આવી જડતા જીવનને સ્થગિત કરી નાખે છે. આવાં જીવન એકે તરફી ઉપયોગી નથી. જીવતાં હોવાનો દેખાવ માત્ર શા કામનો? "તારાં કામ હું જાણું છું, તું ટાઢો નથી, તેમ ઉનો પણ નથી...તું ફૂંફાળો છે...હું તને મારા મોંમાંથી થૂંકી નાખીશ." (પ્રકટી. ૩:૧૫-૧૬)

નદીના વચલા વહેણમાં તણાવું દરેક માટે સહેલું છે. પરંતુ આ કિનારા કે સામા કિનારા પર જવા માટે વચલા પ્રવાહને કાપવાનું બળ અને તાકાત વાપરવાં પડે છે. એમ કરવામાં મુશ્કેલી અને પાણીનાં વમળોમાં પણ અટવાવું પડે. રોજના ચાલુ ચીલામાં ગાડું ગબડે જાય છે, પરંતુ એ ચીલા કાપીને માર્ગ બદલવા માટે બળદની ખાંધે જોર વેઠવું પડે છે.

ભલું કે ભૂંડું-સારું કે ખોટું-જીવન કે મરણ, એમ જીવનનાં બે જ પાસાં છે. પસંદગી તમારી છે.

મનુષ્યજીવન એક જ વાર પ્રાપ્ત થાય છે. બીજું જીવન જ નથી. આ જીવનમાં જ સમય-તક-તાલંત અપાય છે. તમારું હિત તમારા જ હાથમાં છે. તમારી યોગ્ય પસંદગી-યોગ્ય નિર્ણયને ઈશ્વર બિરદાવે છે. તમારે માટે સઘળી અનુકૂળતા તે કરી આપે છે. એ જ એકલો રસ્તો, સત્ય અને જીવન છે. તેના ભરપૂરીપણમાં જ તમારી સફળતા અને કામયાબી છે......આ બીજા પ્રકારનાં જીવન જેઓ ફળ આપતાં જ નથી, પણ માત્ર જીવવા ખાતર જીવે છે; તેઓ ઈશ્વરને અગર શેતાનને પણ ઉપયોગી નથી. એવાં જીવનો જગત પર ભારરુપ છે. તેઓ બે વાર મરેલાં છે.

૩. જંગલી ફળ આપનાર.....(યશા. ૫ : ૧-૭)

અહીં અંજીરીની ત્રીજી પ્રકૃતિ દર્શાવી છે. આ અંજીરીને પણ રસાળ ભૂમિમાં, એ ભૂમિને કેળવી-તૈયાર કરી તેમાં રોપવામાં

આવી છે. એના વિકાસની પણ સારી આશાઓ રાખવામાં આવી. પરંતુ જ્યારે ફળ જોવામાં આવ્યાં ત્યારે તે જંગલી નીવડયાં.

તેણે ફળ આપ્યાં. પૂરતા પ્રમાણમાં આપ્યાં પરંતુ તે તેના માલિકને ઉપયોગી નહોતાં. તે જંગલી–કડવાં અને ઝેરી હતાં.

કેટલાં બધાં જીવનો, સુખ સગવડ–શિક્ષણમાં ઉછેરાય છે. તેમના જીવન માટે અનેકવિધ આશા–ઉમળકા રખાય છે, પરંતુ સમય આવતાં અને શેતાનના પનારે પડતા કડવાં ફળ પેદા કરે છે.

"દેવની ઇચ્છા અને આશા ઉત્તમ હતાં. અનુકૂળતા અને આશીર્વાદ હતાં. પરંતુ માણસ પોતાની દુર્વાસનાથી ખેંચાઇને તથા લલચાઈને પરીક્ષણમાં પડે છે. પછી દુર્વાસના ગર્ભ ધરીને પાપને જન્મ આપે છે; અને પાપ પરિપક્વ થઈને મોત ઉપજાવે છે." (યાકૂબ ૧ : ૧૪, ૧૫)

કડવાં...જંગલી ફળ, તેના માલિકને...તેના કુટુંબને...સમાજને કોઈને માટે ઉપયોગી નથી. અરે, જનાવર પણ ખાતાં નથી. આવાં કડવાં ઝેર ફળો ઉપજાવતાં જીવનો તે સંપૂર્ણપણે શેતાતના કબજે પડેલાં છે. બલ્કે તેઓ શેતાનનાં ઉપયોગી પાત્રો બને છે. "તેઓ પોતાની લાજનું ફીણ કાઢનારાં, સમુદ્રનાં વિકરાળ મોજાં જેવાં તથા ભટકતા તારા જેવાં છે; જેઓને માટે ઘોર અંધકાર સર્વકાળ માટે રાખી મુકાયો છે." (યહુદા ૧૩)

**૪. ફળનો દેખાવ કરનાર** (માત્થી ૨૧ : ૧૮–૨૨)

આ ચોથો અને છેલ્લો પ્રકાર છે. અહીં આ અંજીરી પાંદડાંથી ઘટાઘોર બનેલી હતી. પણ ફળ હતાં જ નહિ. અંજીરી માટે એમ ગણાય છે કે જ્યારે તેને ફૂલ–ફળ આવવાની ઋતુ આવે ત્યારે તે પહેલાં તેનાં જૂનાં પાંદડા ખરી પડે છે. નવાં પાંદડાની કૂંપળો આવે તેની સાથે જ ફૂલ–ફળ પણ શરૂ થાય છે. એટલે જ્યારે અંજીરી તેનાં નવાં પાંદડાથી ઘટાઘોર બને ત્યારે અવશ્ય તેના પર ફળ પણ

હોવાં જ જોઈએ...ઈસુ ખ્રિસ્ત પણ એ સમજીને જ અંજીરી પાસે ગયો. પણ આ અંજીરીનો તો માત્ર ઠગાઉ દેખાડો જ હતો.

ઈસ્રાએલી પ્રજાના સાર-સંભાળ અને જાહોજલાલી-ભરભરાટી છતાં તેનાં કામ ઈશ્વરને પસંદ પડે તેવાં નહોતાં.

આ પ્રકારના મનુષ્યજીવનો તે વિશેષ કરીને જગતમાં સમાજમાં ઘણાં છે. તેઓ સભ્ય સમાજનો વર્ગ ગણાય છે. તેઓ લીલાંછમ અને ઘટાઘોર-પૈસેટકે, સાધન સંપન્ન અને બધી સુખ સગવડતાવાળા લોકોનો આ વર્ગ છે. આ વર્ગનો દેખાડો તે એટલો મોટો અને આકર્ષક હોય છે કે અન્ય લોકો તેમનાથી અંજાઈ જાય છે. વળી તેઓ પોતાને બહુ મોભાદાર સમજીને નીચલા-વચલા વર્ગ સાથે તેઓ હળતા નથી. તેથી તેઓને ઓળખવાં ઘણીવાર મુશ્કેલ હોય છે. બહારના દેખાવમાં તેઓ બહુ રળિયામણા અને માનપાત્ર દેખાય છે. પરંતુ ભીતરનાં ખાલી અગર કલ્પી પણ ન શકાય તેવાં ભૂંડાં હોય છે. "તેઓમાંનો જે સર્વોત્તમ [ગણાય] છે તે ઝાંખરા જેવો છે, જે સૌથી પ્રામાણિક [ગણાય] છે તે કાંટાની વાડ કરતાં [નઠારો] છે."(મીખાહ ૭ : ૪) આવા લોકો **'Sophisticated People'** એટલે સભ્ય લોકો કહેવાય છે. જેનો અર્થ જ એ થાય છે કે 'છેતરનારા અથવા જૂઠા દેખાવના.'

આ પ્રકારના લોકો દેખાવમાં દૂતો જેવા પણ બહુ ભયંકર અને દુષ્ટ હોય છે. આવા પ્રકારના લોકોમાં અનેક ભોળાં જીવન તેમની જાળોમાં ફસાઈને બરબાદ થાય છે. આ પ્રકારના ડોળઘાલુ અને જૂઠા દેખાવના લોકો જ સમાજના સૌથી મોટા દુશ્મન છે.

તેઓ પોતાના ગુના, તેમની ઘટાઘોરતામાં બીજાંઓને જોવા કે જાણવા દેતાં નથી. તેમના પૈસા તેમનો મોટામાં મોટો ઓથો-ઢાંકપિછોડો છે. તેમના સોના-રૂપાની ચમક અનેકને આંધળાં કરે છે. રાજતંત્ર-નિયમ અને નિયમ પળાવનારા સર્વ તેમનાં ખિસ્સામાં ખરીદાયેલા રહે છે. તેઓ બહુ ખતરનાક છે. પરંતુ ઈસુ ખ્રિસ્તના

એક જ શબ્દથી અંજીરી સુકાઈ ગઈ; એમ જ આ ઉચ્ચ ગણાતા-મનાતા સમાજની હાલત પણ થશે.

"અનુકૂળ ભૂમિમાં રોપેલા લીલા વૃક્ષની પેઠે મોટા સામર્થ્યમાં મેં દુષ્ટને ફેલાતો જોયો. ફરીથી હું ત્યાં થઈને ગયો, પણ તે ત્યાં નહોતો; મેં તેને શોધ્યો પણ તેનો પત્તો લાગ્યો નહિ. (ગીત ૩૭: ૩૫-૩૬)

ત્યારે હવે,

૧. ફળવંત ખ્રિસ્તી જીવનો જેનાં ફળ-પાંદડાં જગતને માટે આશીર્વાદરૂપ છે-પ્રજાઓને નીરોગી કરનાર દેવનાં આશીર્વાદિતો છે...પ્રભુ પરમેશ્વરનો આવાં જીવનો માટે આભાર માનીએ, કેમ કે તેઓ આ અંધકારમય જગતમાં પ્રકાશની જ્યોતિઓ જેવાં ઝળહળતાં છે.

૨. નિષ્ફળ જીવનો માટે દુઃખ વ્યક્ત કરીએ; અને આપણી પેઢી તેમાંથી ધડો લે, અને પોતાનાં જીવનો તપાસી જુએ તેમ જ જીવનના અધિષ્ઠાતા પ્રભુ પરમેશ્વર પાસે માગે કે તેમનાં જીવનમાં યોગ્ય ફળો લાગે.

૩. જંગલી ફળ આપનારાં જીવનો પ્રભુ ઈસુ ખ્રિસ્તના ચરણોમાં લાવીએ. આપણાં આંસુ સાથેની પ્રાર્થના આવાં જંગલી ફળો ઉપજાવનારાં અધમ જીવનોનું એ જ એકલો પરિવર્તન કરી શકે તેમ છે. ઈસુ ખ્રિસ્તનું રક્ત આપણાં સઘળાં પાપથી આપણને શુદ્ધ કરી શકે છે.

૪. જૂઠો દેખાવ કરનાર જીવન સૌથી વિશેષ ભયાનક છે. એવાં જીવતોને બીજાં કોઈ સમજાવી શકે નહિ. તેઓ પોતે જ પોતાના જીવનને સમજીને, તેની ભયાનકતામાંથી ઊગરી જવા પ્રભુ ઈસુ ખ્રિસ્તના વધસ્તંભ આગળ નમી પડે, એ જ સુગમ અને શક્ય છે.

પ્રભુ પોતે તેના રાજ્યાસનમાંથી વહેતી વાણી દ્વારા દરેકની

સાથે વાત–વ્યવહાર કરે; પ્રત્યેક માનવી ગમે તે પ્રકારના જીવનમાં હોય; પ્રભુ ઈસુ તેના મહિમા ખાતર એ સર્વ જીવનોનું બદલાણ અને નવીનીકરણ કરે. અને દેવ બાપના મહિમાને અર્થે દરેક જીભ કબૂલ કરે કે ઈસુ ખ્રિસ્ત એ જ પ્રભુ છે, અને દરેક ઘૂંટણ તેની આગળ વાંકા વળીને નમી પડે...આમીન.

---

# પ્રકરણ–૮

## યોગ અને સાધના

પ્રત્યેક જીવનમાં યોગ અને સાધના એ બે પાસાં અતિ આવશ્યક અને મહત્ત્વનાં છે. કારણ કે, મનુષ્યજીવન એ કોઈ આકસ્મિક નથી. એ અમથું અપાયું નથી. મનુષ્યજીવનનું સર્જન કરનાર ઈશ્વર અનાદ્યંત પરમેશ્વર છે. તેણે પોતાની સંગત માટે માનવી બનાવ્યું છે. યશા. ૪૫ : ૧૮માં ઈશ્વર પોતે જણાવે છે કે "ઉજ્જડ રહેવા સારુ તેં( પૃથ્વી )ને ઉત્પન્ન કરી નથી. તેણે વસ્તીને સારુ તેને બનાવી." વળી તે મનુષ્ય માટે કહે છે કે, "તમારા ઘડપણ સુધી હું તે જ છું. પળિયાં આવતાં સુધી હું [તમને] ઉપાડી લઈશ, મેં ઉત્પન કર્યું છે, ને હું [તમને] ઊંચકી રાખીશ; હા, હું [તમને] ઉપાડી લઈશ, અને [તમને] બચાવીશ." (યશા. ૪૬ : ૪)

એટલા માટે માનવી જીવન મોંઘું છે. એ જીવનની કિંમત છે. એ જીવન ચોક્કસ હેતુસરનું છે. શાઉલના જીવનનું બદલાણ થયું ત્યારે તેને બહુ સ્પષ્ટ કહેવામાં આવ્યું કે "તું તેની ઇચ્છા જાણે. અને તે ન્યાયીને જુએ, અને તેના મોંની વાણી સાંભળે, માટે આપણા પૂર્વજોના ઈશ્વરે તને પસંદ કર્યો છે." (પ્રે. કૃ. ૨૨ : ૧૪) શાઉલના આડા અને શેતાની જીવનનું પરિવર્તન કરી તેના જીવનમાં

નવી દિશા અને નવી ક્ષિતિજ દેખાડયાં. આ મનુષ્યજીવનમાં પ્રભુ દેવની ઇચ્છાને જાણવી-એ દેવનું દર્શન પ્રાપ્ત કરવું અને તેના મોંની વાણી સાંભળવી, એ જીવનનો હેતુ અને મકસદ (મુરાદ) છે. એમ કરીએ ત્યારે જ જીવન જીવ્યું ગણાય. એ છે જીવનમાં યોગ અને સાધના.

યોગ-તપ-સાધના, એ શબ્દો પ્રત્યે મોટા ભાગના લોકોને સૂગ અને અણગમો હોય છે. રોજિંદુ જીવન જીવવામાંથી જ માણસ ઊંચુ આવી શકતું નથી, ત્યાં આવાં યોગ-તપ અને સાધનાના પ્રયોગોને અવકાશ જ કયાં છે ? એ તો સાધુ-સંતો અને ત્યાગી માણસોનાં કામ અને વિષય છે. સામાન્ય માણસ માટે એ નથી.

આવી સમજ-માન્યતા તે એટલા માટે છે કે આપણે આ યોગનો અર્થ સમજતાં નથી. યોગ એટલે એકાગ્રતા-યોગ્યતા-મક્કમતા એવો થાય છે. કોઇપણ કાર્ય માટે યોગ્ય રીત અને શક્તિ અજમાવવા તેનું નામ યોગ.

ઘરમાં સ્ત્રી સરસ-સૌને ગમે અને ભાવે તેવી-રસોઈ બનાવે તેને માટે તે યોગ કહેવાય. દરજી બરાબર માપસરની સીલાઈ કરી આપે તે પણ દરજીનો યોગ ગણાય. કોઈપણ કાર્ય મન દઇને નિપુણતાથી કરીએ એ આપણો યોગ કહેવાય.

આધ્યાત્મિક જીવનમાં આવા યોગની બહુ જરૂર છે. સંત પાઉલે પોતાના જીવનમાં આ રીત-યોગ અપનાવ્યો, તેથી તે પોતાની સાક્ષી આપે છે કે " જે વાનાં મને લાભકારક હતાં તે મેં ખ્રિસ્તને લીધે હાનિકારક ગણ્યાં, વળી ખ્રિસ્ત ઈસુ મારા પ્રભુના જ્ઞાનની શ્રેષ્ઠતાને લીધે, હું એ બધાંને હાનિ જ ગણું છું; એને લીધે મેં સઘળાંનું નુકસાન સહન કર્યું. અને તેઓને કચરો જ ગણું છું, જેથી હું ખ્રિસ્તને પ્રાપ્ત કરું. તેની સાથે એકરૂપ થાઉં, અને [ નિયમશાસ્ત્રના પાલન ]થી મારું જે ન્યાયીપણું છે તે નહિ, પણ ખ્રિસ્ત પરના વિશ્વાસ દ્વારા ઈશ્વરથી જે ન્યાયીપણું વિશ્વાસથી મળે

છે, તે મારું થાય...અને હું કોઇપણ રીતે મૂએલાંના પુનરુત્થાનને પહોંચું...એટલે કે જે પછવાડે છે તેને વીસરીને અને જે આગળ છે તેની તરફ ધાઈને, ખ્રિસ્ત ઇસુમાં ઇશ્વરના સ્વર્ગીય આમંત્રણના ઇનામને વાસ્તે, નિશાનની ભણી આગળ ધસું છું." ( ફિલિપી ૩ : ૭-૧૪ ) સંત પાઉલનો આ યોગ બહુ ઉગ્ર હતો. અને આપણ સર્વને એમ જ શીખવે છે. " આપણામાંના જેટલા પૂર્ણ છે, તેટલાએ એવી જ મનોવૃત્તિ રાખવી; અને જો કોઈ બાબત વિષે તમને જુદી મનોવૃત્તિ હોય, તો ઇશ્વર એ પણ તમને પ્રગટ કરશે." ( ફિલિપી ૩ : ૧૫ )

વળી તીમોથીને પણ તે એ જ સલાહ આપે છે. "વિશ્વાસની સારી લડાઈ લડ, અનંતજીવન ધારણ કર; એને સારુ તને તેડવામાં આવ્યો છે." ( ૧ તીમોથી ૬ : ૧૨ )

ઇસુ ખ્રિસ્ત એ એકલો જ નિષ્કલંક-નિરંજન હતો. મનુષ્ય માત્ર પાપમાં જન્મેલું છે. એના સ્વાભાવમાં જ પાપ છે. સઘળાં મનુષ્ય પાપી છે. ( રૂમી ૩ : ૨૩ ) અને " પાપનો મુસારો મરણ છે." ( રૂમી ૬ : ૨૩ )

પરંતુ ઇસુ ખ્રિસ્તના બલિદાન અને મધ્યસ્થીના કારણે આપણે પ્રત્યેક મનુષ્ય ઈશ્વરની સાથે સમાધાન પામીએ છીએ. તૂટેલી સંગત ફરી સાંધી શકીએ છીએ...( રૂમી ૫ : ૧-૧૧ ) તેથી ઇસુ ખ્રિસ્ત એ એકલો જ આપણો અગ્રેસર અને નમૂનો છે. એ જ એકલો જગતનું જીવન અને પ્રકાશ છે. એ જ એકલો રસ્તો, સત્ય અને જીવન છે. એ જીવન અને તારણ-મોક્ષના સ્વામી ઇસુ ખ્રિસ્ત પર માત્ર વિશ્વાસ કર, એટલે તું તથા તારા ઘરનાં તારણ પામશે. અહીં ખ્રિસ્તી જીવનની શરૂઆત થાય છે.

જીવન એ સંગ્રામ છે. પરંતુ ખ્રિસ્તી જીવન એ અતિ ઉગ્ર સંગ્રામ છે. આ જીવનનું અસ્તિત્વ ટકાવી રાખવા પૂરતું જ નહિ, પણ પૃથ્વી પરના આ દૈહિક જીવન પછી અનંત ઇશ્વરની સંગતમાં

અનંતકાળ સુધી ગાળવાનું જે જીવન તેની પ્રાપ્તિ માટે આ દૈહિક જીવનમાં જ ખાતરી મેળવી લેવી. આ છે ખ્રિસ્તી જીવનનો સંગ્રામ.

શરીર, પ્રાણ અને આત્મા એ ત્રણેનો મોક્ષ–ઉદ્ધાર–વિકાસ અને પુનરૂત્થાન એ છે ખ્રિસ્તી જીવનનું લક્ષ્યબિંદુ. ( ફિલિપી ૩ : ૧૧, ૧૩ , ૧૪ )

મનુષ્યજીવનમાં, જગત, દેહ અને શેતાન એ ત્રણ મહાન શત્રુઓ છે. એ ત્રણે ઉપર વિજય મેળવવા પ્રત્યેક માનવીને લડાઈ લડવાની છે. એ છે યોગ–તે આ રીતે....

**૧. જાતતપાસ** ...૨ યોહાન ૧ : ૮

"તમારા માર્ગો વિષે વિચાર કરો." (હાગ્ગાય ૧ : ૫ ) "આદમ, તું ક્યાં છે ?" (ઉત્પત્તિ ૩ : ૯ ), "આ તે શું કર્યું ?" ( ઉત્પત્તિ ૪ : ૧૦ ; યૂના ૧ : ૧૦ ). 'હું કોણ છું ? પૃથ્વી પર મને જીવન કોણે આપ્યું ? આ જીવન શા માટે છે ? હું કઈ રીતે જીવું છું ?' આવા અનેક પ્રશ્નો દ્વારા પોતાની જાતતપાસ કરવી એ બહુ અગત્યનું છે. કેટલી બધીવાર આપણે આપણી જાતને જ ઓળખતાં નથી. એટલે જ જીવનનું મહત્ત્વ, જીવનની યોગ્યતા, આપણામાં હોતાં નથી. જ્યારે આ બાબતો, સારી રીતે સમજાય ત્યારે જ આપણાં વિચાર–વાણી–વર્તન નવી દિશા અને રૂપ ધારણ કરે છે.

એ સારુ આપણો જાતતપાસ ઈશ્વરનાં વચનો–બાઈબલના પ્રકાશમાં થવી અગત્યની છે. "એ નિયમશાસ્ત્ર તારા મોંમાંથી જાય નહિ; પણ દિવસે તથા રાત્રે તેનું મનન કર, કે તેમાં જે બધું લખેલું છે, તે તું કાળજીથી પાળે; કારણ કે ત્યારે જ તારો માર્ગ આબાદ થશે, અને ત્યારે જ તું ફતેહ પામશે," ( યહોશુઆ ૧ : ૮ ; ગીત ૧ : ૨–૩ )

"આખું શાસ્ત્ર ઈશ્વરપ્રેરિત છે, તે બોધ, નિષેધ, સુધારા

અને ન્યાયીપણાના શિક્ષણને અર્થે ઉપયોગી છે; જેથી દેવનો ભક્ત સંપૂર્ણ તથા સર્વ સારાં કામ કરવાને સારુ તૈયાર થાય." (૨ તીમોથી ૩ : ૧૬ , ૧૭ )

**૨. સ્વાર્પણ અને આધીનતા...**પોતાની જાતતપાસ કરીને જીવન આપનાર, ઈશ્વરને પોતાની જાતનું સ્વાર્પણ કરે છે. તેની આધીનતામાં આવે છે. કેમ કે ઈશ્વરની કૃતિ તરીકે આપણે તેનાં છીએ અને તેના જેવાં બનીએ એ જરૂરનું છે. ( યોહાન ૫ : ૩૦; રૂમી. ૧૨ : ૧ )

માટીનો પિંડ, કુંભારના હાથમાં સાધનરૂપ બને છે; કુંભાર ચાહે તેવો તેનો ઘાટ ઘડે છે. સ્વાર્પણ કર્યા પછી આપણે પોતાનાં નથી; પણ ઈશ્વરના હાથમાં તેની મરજીના સાધનરૂપ બનીએ છીએ. તેની ઇચ્છા–મરજી, તેની રીત–યોજનાને આધીન છીએ.

**૩. મન અને દેહની શુદ્ધતા**–પૃથ્વી પરના મનુષ્યજીવનને ઈશ્વરની સંપૂર્ણ આધીનતામાં સ્વાર્પણ થયા પછી તરત જ ઈશ્વર પોતાનું કાર્ય આરંભે છે. તે શુદ્ધ કરે છે. ..."તેને વધારે ફળ આવે માટે તે તેને શુદ્ધ કરે છે." ( યોહાન ૧૫ : ૨ ) " હું તેઓને એક અંતઃકરણ આપીશ, અને તમારામાં નવો આત્મા મૂકીશ; હું તેમના દેહમાંથી પથ્થર જેવું હૃદય દૂર કરીને, તેમને માંસનું હૃદય આપીશ. " ( હઝ ૧૧ : ૧૯,૨૦ ; ૩૬ : ૨૫ , ૨૬ ) ઈશ્વરની આધીનતામાં આપણે ઇશ્વરને જ કામ કરવા દઈએ. કેમ કે જો આપણાં વિચાર–ઇચ્છા સાધનો વગેરેનો ઉપયોગ કરીએ, તો ભૂલ કરી બેસીએ; કેમ કે દેવના વિચારો અને માર્ગો આપણા કરતાં તદ્દન નિરાળા છે. ( યશા. ૫૫ : ૮; ઉત્પત્તિ ૧૬ : ૧–૬ )

ઈશ્વર સાધનોની પણ શુદ્ધતા માગે છે. આ પવિત્ર જીવન ગમે ત્યાંથી, ગમે તે રીતે પ્રાપ્ત થઈ શકતું નથી. એ તો કેવળ ઈશ્વર દ્વારા નવા જીવનનું પવિત્રીકરણ અને પરિવર્તન પામીએ છીએ.

**૪. સંતોષ-વિશ્વાસ અને દ્રઢીકરણ...**

શુદ્ધતા પછી પાંગરતા નવા જીવનમાં સંતોષની લાગણી ઈશ્વરમાં, અને ઈશ્વરનાં જ વાનાંમાં શ્રદ્ધા અને વિશ્વાસ દઢ થાય છે. ઈશ્વરની સંગત અને પ્રતીતિ આપણને નિર્ભય બનાવે છે. "મારો દેવ, પોતાના મહિમાની સંપત પ્રમાણે તમારી સર્વ ગરજો ખ્રિસ્ત ઈસુમાં પૂરી પાડશે." (ફિલિપી ૪ : ૧૯) ને એટલે સુધી કે. "જો કે મરણની છાયાની ખીણમાં હું ચાલું તોએ હું કંઈ પણ ભૂંડાઈથી બીશ નહિ; કેમ કે તું મારી સાથે છે." (ગીત. ૨૩ : ૪) કેવી નીડરતા ! કેવો દ્રઢ વિશ્વાસ !

**૫. તપ અને સંયમ...** પ્રાપ્ત થયેલાં નવા જીવનને ટકાવી રાખવા સતત સંગત અને પ્રભુમય બનીને રહેવાની જરૂર છે. નિશ્ચે મારી જિંદગીના સર્વ દિવસો પર્યંત ભલાઈ તથા દયા મારી સાથે આવશે; અને હું સદાકાળ સુધી યહોવાહના ઘરમાં રહીશ." (ગીત ૨૩ : ૬) "જે નવું માણસપણું તેના ઉત્પન્ન કરનારની પ્રતિમા પ્રમાણે તેના જ્ઞાનને અર્થે નવું કરાતું જાય છે તે તમે પહેર્યું છે." (કલોસી ૩ : ૧૦) ત્યારે જ પ્રભુ ઈસુ ખ્રિસ્ત મહિમાવાન બને છે. વિદેશીઓમાં તે મર્મના મહિમાની સંપત શી છે, તે તેઓને જણાવવા દેવે ચાહ્યું; તે મર્મ એ છે કે "તમારામાં ખ્રિસ્ત મહિમાની આશા છે." (કલોસી ૧ : ૨૭)

આવા ઉત્તમ મનુષ્યજીવન વિષે વિચાર કરો......તેને વેડફી દેશો કે ઉન્નત કરશો ?

વહાલા મિત્ર, સઘળી વાતોનું પરિણામ તે આ છે : "ઈશ્વરનું ભય રાખ અને તેની આજ્ઞાઓ પાળ; દરેક મનુષ્યની સંપૂર્ણ [ફરજ] એ છે. કેમ કે દરેક ભલી કે ભૂંડી ગુપ્ત વાત સુદ્ધાં દરેક કામનો ઈશ્વર ન્યાય કરશે." (સભા. ૧૨ : ૧૩)